ZEINAB THE PANJABI

જેનબ

એક પંજાબી સ્ત્રીની વાર્તા

અથવા

મુશ્કેલ કામમાં ચમત્કારીક રીતે પાર પડવું.

કિંમત ૧ આનો.

ZEINAB THE PANJABI.

જેનબ, એક પંજાબી સ્ત્રીની વાર્તા,

અથવા

મુશ્કેલ કામમાં ચમત્કારીક રીતે પાર પડવું.

ઉર્દુમાં કર્તા :

રેવ. ઇ. એમ. વ્હેરી, ડી. ડી.

ગુજરાતીમાં ભાષાંતર કર્તા :

રેવ. કહાનજી પ્રેમાભાઇ

પહેલી આવૃત્તિ—૧૦૦૦

સુરત

ગુજરાતના પુસ્તકપ્રસારક મંડળીને સારૂ

મિશન છાપખાનામાં એચ. આર. સ્કોટે છાપી તથા પ્રગટ કરી.

ઈ. સ. ૧૯૧૪.

મુશ્કેલ કામમાં ચમત્કારિક રીતે પાર પડવું.

૧ લો અધ્યાય.

ગુન્હાપુર ગામની વાર્તા દીલને વીંધી નાખે એવી છે. જુના જમાનામાં એ ગામ એક મહા પ્રખ્યાત બહાદુર હિંદુ સરદારના તાબામાં હતું. એ સરદાર પોતાના નાના લશ્કરને લઇને કસ્બાના સુંદર દરવાજામાં થઇને બહાર નિકળતો. તેનું કારણ એ હતું કે, પોતાના કેળવાએલા સિપાઇઓને આજુ-બાજુના રહેનાર મહમદી લોકો જુએ, ને તેની જાહો-જલાલીનો રોબ લોકો પર પડે ને તેનાથી ડરે, ને અદબ રાખે. એ મતલબથી તે ઘણીવાર સિપાઇઓને લઇને બહાર ફરવા જતો હતો. જ્યારે બહારથી પાછો શહેરમાં આવતો ત્યારે જુવાન, અને નાના છોકરા જે ઢાલ તરવાર ઉપાડી ના શકે તેવા બધા કોટ ઉપર ને બુરૂજો ઉપર ચઢી મુબારક-બાદીના પોકાર કરી પોતાના રાજાને તથા બહાદુર સિપાઇ-ઓને વધાવી લેતા હતા. પછી પોતપોતાને ઘેરથી વાંસળી, ખંજરી, વગેરે લઇને પોતાના સરદારના મેહેલના દરવાજા પાસે એકઠાં થઇ જતાં ને ખુશનુમા રાગથી ગીતો, ગઝલો, ઠુમરીઓ અને લાવણીઓ લલકારતા ને વખાણ કરતા હતા. જુવાન સ્ત્રીઓ તદન બીક કે ડર વિના હરતી ફરતી અને જ્યારે કુવે પાણી ભરવા જતી ત્યારે તેમના પગની જણસોના અવાજ ને રણકારા, અને ઘરેણાં ગાંઠાના ઠમકારા સાંભળી હરકોઇ માણસ કહી શકે કે, આ સ્ત્રીઓ ખરેખર કોઇ શાણા ને લાયક રાજાના રાજ્યમાં બહુજ સુખ તથા મહા

આનંદમાં અમનચમનમાં કાંઇ પણ બીક કે ડર વિના ખુશીમાં પોતાના દિવસ ગુજારે છે.

એ સરદાર કોઇ મોટાની સાથે બાથ ભીડવાથી હારી તેના તાબા હેઠે જતો રહ્યો હતો. કસ્બાની બધી ખુબસુરતી ને શોભા જતાં રહ્યાં હતાં. કોટ કાંગરા પડી ભાગ્યા હતા; ત્યાર પછી બહાદુર અંગ્રેજ સરકારના તાબા હેઠળ એ ગામ આવ્યું, ત્યારે બિચારા લોકો પાછા સુખ શાંતિમાં રહેવા લાગ્યા, ને ખુશી આનંદમાં પોતાના દિવસો કાઢવા લાગ્યા. કસ્બાની આજુબાજુનાં ખેતરો, વાડી વજીફાની લીલોતરી જાણે કે, કસ્બાની પેહેલી શોભા યાદ અપાવતાં. પશ્ચિમ તરફ મોટો હિમાલય પર્વત બરફથી ઢંકાયલો નજરે પડતો હતો આજુબાજુનાં ઝાડો પર સુંદર પક્ષીઓ ગુલતાન કરી રહ્યાં હતાં. તેમના અવાજ માણસના મનને પીગાળી નાખે એવા મધુર ગાયનો જાણે કે ગાતાં હોય!

આ કસ્બાના એક મોહોલ્લામાં મીયાં મુનશી અબ્દુલ્લા નામે એક પ્રેમી તથા માયાળુ માણસ પોતાની જીંદગી ઘણાજ આનંદમાં ગાળનાર રેહેતો હતો. અબ્દુલ્લા પહેલા દરજ્જાનો પક્કા મહમદી હતો. નમાજ, રોજા, જકાત વગેરે ધર્મના નિયમો બહુજ ચોકસાઇથી કડક રીતે પાળતો હતો. દુનિયાની માલમતાથી પણ ઠીક હતો. એને એક છોકરો હતો તેનું નામ અહમદ હતું. તેના પછી તેના ઘરમાં એક છોડી જન્મી તેનું નામ બન્નુ રાખવામાં આવ્યું. જે વખતે અહમદનો જન્મ થયો તે વખતે અબ્દુલ્લા મીયા ઘણા ખુશી થયા હતા. ભાઇબંધ દોસ્તોને જાફત આપી પતાસાં વહેંચ્યાં હતાં, ને ઘણો હર્ષ દેખાડયો હતો ને આનંદ આનંદ મનાવ્યો હતો. પણ જયારે દીકરીનો જન્મ થયો ત્યારે ઘણુંજ ખોટું લાગ્યું; ઉદાસ થઇ ગયો, ને ઘણા ઘણા વિચારથી તેને મનમાં ખેદ થયા કરતો હતો. પણ છેલ્લે તે પોતાના મનમાં વિચાર કરી સમજયો કે, એ તો પરવરદેગારનું કામ છે, તે

ચાહે તે કરે, એમાં માણુસ કોણુ છે કે ચું કે ચાં કરી શકે? એ વિચારથી તેના મનને જરા શાંતિ વળી ને ચેન પડયું. પ્રભુ ચાહે તે કરે એમાં આપણાથી કશું બોલાય નહિ.

નાની બન્નુ પોતાના બાપના વિચારથી તદન અજાણી હતી, એટલુંજ નહિ પણુ સગાંવહાલાંના દિલથી પણુ અજાણુ હતી. પહેલાં તો અબ્દુલ્લા આ નાની માસુમ દીકરી પર પ્રેમ કરતો નહિ ને લેતો પણુ નહિ, પણુ જાણે કે તેનાથી કંટાળતો હોય એવું દેખાતું હતું. પણું જેમ જેમ દીકરી મોટી થતી ગઇ તેમ તેમ ધીરે ધીરે બાપના વિચાર પણુ બદલાતા ગયા. અબ્દુલ્લા હવે તો નાની બાઇને થોડે થોડે ઘણીજ ચાહવા લાગ્યો. તેની તોતડી જીભથી મીઠી મીઠી વાતો ને વાણી સાંભળી ઘણો રાજી થતો હતો. નાની બન્નુ પણુ બાપના હેતથી ઘણીજ ખુશી થતી હતી ને હેતથી બાપને ચાહતી હતી. પણુ અફસોસ સાથે કહેવું પડે છે કે, બિચારી નાની છોડીના પ્રેમનો અંત વહેલો આવી ગયો. તેનો પ્રેમી બાપ મરણુ પામી તેનાથી વિયોગી થયો. બધાં સગાંવહાલાં તથા ઓળખીતા લોકે જેનબ સાથે માતમમાં ભાગ લીધો અને બિચારી અબ્દુલ્લાની વહુ જેનબ વિધવા થઇ. તેના દુઃખમાં ઘણાંએ ભાગ લીધો, રડયાં, કુટયાં, પછડાયાં, છાતીઓ કુટી, બહુજ દુઃખી થયાં. બિચારી નાની બન્નુ તો એટલું બધું રોઇ કે બેભાન થઇ ગઇ. અરે મારા બાપા, એમ કરતાં બિચારી સુઇ ગઇ. મરણુને માટે જે કરવાનું તે મહમદી રીત પ્રમાણે કરી અબ્દુલ્લા મીયાંની લાસને પાસેના હાડવાડમાં વાળી દીધી. બિચારી રાંડીરાંડ જેનબ પોતાનાં છોકરાંને છાતીએ દાબી દેવનો ઉપકાર માની પોતાના દિવસો ગુજારવા લાગી.

૨ જો અધ્યાય.

અબ્દુલ્લાના મરણ પછી જેનબના મનમાં વિચાર આવ્યો કે, મહમદી વિધવાઓને કેવી કેવી મુસીબતો વેઠવી પડતી હશે, ને કેવાં કેવાં જબરજસ્ત કારણોની સામે ઉભાં રહેવું પડતું હશે તેની પુરી સમજ પડવા લાગી. બિચારી જેનબ એક અજ્ઞાન સ્ત્રી હતી, તે ઘરના કામકાજ શિવાય બીજું કશું જાણતી કે સમજતી નહોતી. તેને રાંધવા વગેરેનું કામ તો બરાબર આવડતું. એ શિવાય માત્ર ઓઢણું ભરવાનું ને મોજાં બનાવવાનું ભાગ્યું તુટયું આવડતું હતું. જેનબ બરાબર સમજતી હતી કે મારે મારૂં અને મારાં છોકરાંનું ભરણ પોપણ કરવા સારૂ ખરેખર મહેનત મજુરી કરવીજ પડશે. બિચારી તે કોઇના ઘરમાં રાંધવા નોકર રહી જાય ને થોડો વખત મળે તેમાં મોજાં બનાવે. એ કામ શિવાય તેને માટ બીજો રસ્તો હતો નહિ.

બિચારી જેનબ કોઇ કોઇ વાર એકાંત કોટડીમાં જઇને ઘણીવાર રડતી ને કલ્પાંત કરતી હતી. મનમાં વિચાર કરતી કે અરેરે, જો મારો અહમદ જરા મોટો હોત તો એના બાપની જગ્યાએ કામ કરત. પણ અફસોસ, અહમદ નાનો છે. હજુ ભણવા શિખે તો પોતાના બાપના શેઠને ત્યાં નોકરી કરી શકે. એવા એવા વિચારો કરી કરીને જેનબ બરાબર સમજી ગઇ કે, ખરેખર મારેજ ખોરાકી પોશાકીને માટે મહેનત કરવીજ પડશે. એક ઇમાનદાર સગાએ તેના પર કૃપા કરીને વિચાર કર્યો કે, આ ગરીબ સ્ત્રીને તથા તેના છોકરાંને સુખી કરવા માટે મારા પેગંબરના નમુના પ્રમાણે કરી જેનબને મારા ઘરમાં લાવું. પણ તે માણસને વિચાર કરતાં એકદમ માલમ પડયું કે, કદાચ જેનબ એ વાત કબુલ કરે પણ એમનો બોજો મારાથી ઉપાડી શકાય તેમ

નથી. પછી બીજો વિચાર કર્યો કે, જેનબ જે મોજાં બનાવે છે, તે મારી દુકાન પર રાખી વેચી આપું ને મદદ કરૂં એ ઠીક રસ્તો છે. માટે તેનાં મોજાં વેચી આપતો હતો.

કામકાજ વિષે માહિતગાર ન હોવાને લીધે બિચારી જેનબને નીચમાં નીચ કામ પણ કરવું પડતું હતું. અહમદ અને બન્નુ આજુબાજુનાં ખેતરોમાં લાકડાં વીણવા જતાં હતાં, ને તે લાવે તેનાથી જેનબ રાંધતી હતી. લાકડાંનું પણ હવે દુઃખ પડવા લાગ્યું. જ્યારે સીમમાં જતાં ત્યારે કોઇ કોઇ વાર એ છોકરાં ખેતરવાળાની રજા લઇને સરસવનાં પાંદડાં વીણી લાવતાં; તેમાં મીઠું મરચું નાખી જેનબ એનું સ્વાદિષ્ટ શાક (ભાજી) બનાવતી હતી; જે ઘણું મઝેદાર લાગતું. અબ્દુલ્લાનાં જુનાં કપડાં છોકરાના કામમાં આવતાં હતાં, પણ આગળ જતાં લુગડાને માટે પૈસા જોઇશે એ વિચાર જરૂર જેનબના મનમાં આવતો હતો ને ઘણી ફિકર કરતી હતી.

આ મહા સંકટના સમયમાં ગામના મોલવી સાહેબ કોઇ કોઇ વાર દિલાસો દેતા રહેતા હતા, ને કહેતા કે જેનબ, પ્રભુની મરજી; એ તમારા નસીબમાં લખેલું તે પુરૂં થાય છે. તે પરથી જેનબ ઘણીવાર પોતાના દુઃખમાં કહેતી કે, હાય નસીબ! ઓ નસીબ! જે પ્રભુની મરજી હોય તે થાય. જ્યારે જેનબ એમ બોલતી ત્યારે અહમદ ઘણી વાર પૂછતો હતો કે, માજી, એ નસીબ કોણે બનાવ્યું હશે? જેનબ જવાબ દેતી કે મારા દીકરા, પ્રભુએ બનાવ્યું છે (લખ્યું છે). અહમદ બોલી ઉઠતો કે માજી, શા માટે પ્રભુએ એવું ખોટું આપણું નસીબ બનાવ્યું હશે? જેનબ કહેતી કે બેટા, પ્રભુ આપણને એવા શેતાની વ્હેમોથી (ને શક પડવાથી) બચાવી રાખો, એમ બોલીને અહમદને એવા પ્રશ્નો પુછવાનું ના કહેતી હતી. બેટા, કદી એવું પુછવું નહિ. એ સાંભળી નાની બન્નુ બીકથી કહેતી કે માજી, શેતાન અહીં પણ છે? જેનબે કહ્યું બેટા,

બેશક શેતાન અહીં પણ છે. આપણે ના જાણીએ એમ આવે છે ને આપણા મનમાં જુદા જુદા વિચાર ઘાલે છે, વ્હેમ ઉભા કરે છે ને મનને ભંભેરે છે, પણ જો આપણે "લાહોલ" (પ્રભુજ બળવાન છે) એવું બોલીએ તો એકદમ નાસી જાય છે.

એક દિવસે અહમદ લાકડાં વીણવા ગયો હતો, ત્યાંથી આવીને તે કહે છે કે, મને સારૂં નથી; મારૂં માથું દુખે છે. થોડી વારમાં બિચારાને ઘણાજ જોરમાં તાવ ચઢ્યો ને ગભરાટ થયો. પડોસમાં એક ડોસી મા રહેતાં હતાં તે દોડી આવ્યાં, ને જોઇને કહેવા લાગ્યાં કે, (શીળી) બળીયો નીકળશે. પાસેના મોહોલ્લામાં એક હકીમ સાહેબ રહેતા હતા તેમને બોલાવી આણ્યા. તેમણે નાડી જોઇ, જીભ જોઇ, પછી દવા આપવાનું કહ્યું; ફીનો રૂપીઓ લઇ ઘેર ગયા. બિચારી જેનબ પાસે એટલો એકજ રૂપીઓ હતો, તે હકીમ સાહેબને આપવો પડ્યો. ત્રણ ચાર દિવસ પછી નાની બન્નુને પણ એ ચેપી રોગ લાગ્યો ને તે માંદી પડી.

દેવની દયાથી એ ભુંડો ચેપી રોગ મટવા લાગ્યો ને જેનબને વળગ્યો નહિ તે ઘણુંજ સારૂં થયું. તેણે પ્રભુનો મોટો ઉપકાર માન્યો. જેનબને નાનપણમાં નિકળ્યો હતો ને તેથીજ તેનું મ્હો કોચરાએલું થઇ ગયું હતું ને મુખ પર ચાઠાં દેખાતાં હતાં. આ મંદવાડમાં જેનબે ઘણીજ ધીરજથી પોતાના છોકરાની ચાકરી કરી. એક દયાળુ સગાએ મિશનના દવા-ખાનામાંથી દવા આણી આપી તેથી બંન્ને છોકરાંનું મટી ગયું, પણ તેમના મ્હોં પર ચાઠાં તો રહ્યાં. છોકરાંનો મંદવાડ લાંબો ચાલવાથી દવાદારૂના ખરચને લીધે બિચારી જેનબ હદથી વધારે તંગીમાં આવી પડી, માટે ઘણીજ દુઃખી થવા લાગી. પછી તેણે પોતાના મનમાં ઠરાવ કર્યો કે, અહમદ હવે ભણવાનું માંડી વાળે, ને તેનાથી થઇ શકે એવી મહેનત મજુરી કરે તો કાંઇ હાથમાં આવે. તેના આવા આવા વિચાર ચાલતા

તે વખતે મિશન કંપાઉન્ડમાં દવાખાનાના લોકોને માટે ઉપદેશ તથા પ્રાર્થના કરાવવાનો એક મોટો ઓરડો બંધાવવાનો મે. પાદરી સાહેબે ઠરાવ કર્યો. દવાખાનાનો એક ભાગ વધારી ને મોટો કરાવવાનો હતો. જે લોકો દવા લેવા આવે તેમને અને માંદાઓને માટે એમ બે કામમાં આવે માટે જગ્યા ઠરાવી નક્કી કર્યું ને કામ શરૂ કરાવ્યું. પ્રભુ કૃપાએ એ કામમાં કડીઆઓને ઈંટો ને ગારો આપવાના કામ પર અહમદ રહ્યો, ને તેની માને કોઇ કારણથી દવાખાનામાં માંદાઓની સારવાર કરવાના કામ પર રાખવામાં આવી. અહમદ અને જેનબ જ્યારે સવારમાં કામ પર જાય ત્યારે નાની બન્નુ પણ તેમની સાથે જાય ને ત્યાંના ઉપદેશક સાહેબ બશીરની નાની છોડી મરિયમ સાથે રમે ને કુદે ને આનંદમાં રહે. સાંઝે ઘેર જતી ત્યારે ખાઇપીને માની સાથે સુઇ જતી, ત્યારે માની કોટે વળગીને કહેતી કે, હવે તો પ્રભુએ આપણું નસીબ ફરી સારૂં કરી દીધું, કારણ કે મરિયમ મારા પર બહુજ પ્રીતિ રાખે છે.

૩ જો અધ્યાય.

કાશ્મીર મોજે ગુન્હાપૂરના જે ઉપદેશક હતા તે હિંદુસ્તાની દેશી પાદરી સાહેબ હતા. તેમના પિતાજી એક મહમદી ખાનદાનના ઇજ્જતદાર ચુસ્ત મહમદી હતા. પાદરી સાહેબ નાનપણમાં મસજીદમાં એક મોલવી સાહેબ પાસે શિખ્યા હતા. પહેલવહેલાં તેમને અરબી હરફો નદીના કિનારા પર રેતીમાં પાડતાં શિખાડ્યા હતા. પછીથી તેમને પાટલી (તખતી) આપવામાં આવી હતી. તે પોતાના ૧૦ કે ૧૨ સાથી નિશાળીઆ જોડે શિખતા ને આનંદ કરતા હતા. પાદરી સાહેબને તેમના પોતાના ઉસ્તાદ (મહેતાજી) બરાબર યાદ હતા. કારણ કે તે જાતે પાતળા, મોઢું લાંબું, કદ ઉંચું, અને લાંબી દાઢી હતી; ને એક મોટું અંગરખું ને ફેંટો બાંધતા હતા. છોકરાંની પાસે બેસીને કુરાને શરીફ શિખાડતા હતા. છોકરાં ડોલી ડોલીને પોતાના પાઠો થથરાતા લાંબા રાગથી લટકબંધ વાંચતાં; તે વખતે મોલવી સાહેબ પોતાની લાંબી લાકડી છોકરાના માથા પર હલાવ્યા કરતા હતા, કારણ એ હતું કે છોકરાં ગોખતાં રહી ના જાય. મોલવી સાહેબની લાકડી ઘણીવાર પાદરી સાહેબની પીઠ પરજ રહેતી તેથી તે બરાબર ધ્યાનપૂર્વક વાંચતાં હતાં.

આ મોલવી સાહેબનું નામ શેખ અહમદ હતું; તે બહુ પ્રખ્યાત મોલવી ન હતા. બધા નિશાળીઆ તેમની ઘણીજ ઇજ્જત આબરૂ રાખતા હતા. મોલવી સાહેબની ગેરહાજરીમાં જ્યારે તે રમતાં ત્યારે પણ ઘણી ગરબડ કરતાં કે બૂમો પાડતાં નહિ, પણ સભ્યતાથી રમતાં હતાં. આ મોલવી સાહેબ છોકરાંને શીખાડવામાં ઘણાજ ચાલાક હતા, ને હોશિયારીથી સારી રીતે શિખાડતા માટે લોકો તેમનાં વખાણ પણ કરતા ને ઘણા બુદ્ધિવાન માનતા હતા. ને

કહેતા કે એ તો અક્કલનુંજ પુતળું છે. તેમની પાસે શિખેલા છોકરાઓ મોલવી સાહેબની લાકડીનો અભિમાન કરતા હતા ને કહેતા કે, "લાકડીવાળા મોલવી સાહેબ અમારા ઉસ્તાદ છે. કાંઇ જેવા તેવાની પાસે શિખ્યા નથી. શેખ અહમદ સાહેબના શાગીર્દ છીએ." આ પાદરી સાહેબ પણ એજ અભિમાનની સાંકળમાં બંધાએલા હતા. જ્યારે ૧૫ વરસના થયા ત્યારે શિકાર રમવાનો શોખ પેદા થયો. ધીરે ધીરે તે એટલા બધા હોશિયાર ને નિસાન બાજ થઇ ગયા છે, ભાગ્યેજ કોઇવાર તેમનો બાર ખાલી જાય. તેમની શિકાર રમવાની હોશિયારીનાં વખાણ સાંભળી એક કપતાન સાહેબે તેમને નોકરીમાં રાખ્યા. તે કપતાન સાહેબનું નામ મે. ગાર્ડન સાહેબ હતું. જ્યાં કાંઇ શિકાર બરાબર ને ઘણો મળે એવી જગ્યાઓ શોધી રાખીને તે મે. ગાર્ડન સાહેબને લઇ જઇને દેખાડે.

એ કામ કરતા હતા એવામાં પાદરી સાહેબને એક ચોપડી મળી આવી. તે વાંચવાથી તેમની જીંદગીની ગતિ બદલાઇને બીજેજ રસ્તે વળવા લાગી. એ ચોપડી કાંઇ મોટી નહોતી પણ નાની હતી. એ એક મહા પ્રખ્યાત પાદરી સાહેબે રચી હતી. તે સાહેબ સ્વર્ગવાસી થઇ ગયા હતા. આ ચોપડી વાંચવાથી પાદરી સાહેબના મનમાં પોતાના ધર્મ તરફનું વલણ ઘણુંજ જોર કરતું. એ ચોપડીમાં મહમદી ધર્મ વિષે કશું લખ્યું ન હતું પણ પ્રભુ ઇસુ ખ્રીસ્ત દેવનો દીકરો પાપીઓનું તારણ કરનાર છે, એ વાત સાબિત કરેલી હતી. એ કારણથી તેઓ આ ચોપડી ઘણીવાર વાંચ વાંચ કરતા, ને જેમ જેમ વધારે વાંચે તેમ તેમ ખ્રીસ્ત સંબંધી તેમના મનમાં વિચાર ઉત્પન્ન થવા લાગ્યા. એક દિવસે તેમણે એ વાત પોતાના સાહેબને જણાવી. મે. ગાર્ડન સાહેબે તેમને સલાહ આપી કે એક સુવાર્તા લઇને વાંચો, તેમાં એ વાત બરાબર લખેલી છે. શિકાર પરથી પાછા ગામમાં આવ્યા ત્યારે પાદરી સાહેબે એક સુવાર્તા વેચાતી લીધી. પછી

થોડે થોડે સુવાર્તા પૂરી કરી. ન સમજાય તો ફરી વાંચે, એમ વિચાર પૂર્વક ધ્યાનથી વાંચી. દેવકૃપાથી તેમનો વિશ્વાસ તારનાર પર બેઠો. તેમણે પ્રગટ રીતે તારનારને કબુલ કરી બાપ્તિસ્મા લીધું.

હવે આ બિચારા ખ્રીસ્તી થનાર પર એકદમ જુલમ શરૂ થયો. લોકો ધિક્કારવા લાગ્યા, નિંદા થવા માંડી ને પેલા ઘરડા મોલવી સાહેબે તો એકદમ બોલાવી ધમકાવ્યા, ને ખુબ ગુસ્સે થયા. હવે તેમનો કોપ સળગી ઉઠયો. તેમને પાછા પોતાના ધર્મમાં લાવવા માટે ઘણા સખ્ત ઉપાયો કર્યા. પહેલાં સમજાવ્યા, પછી ધમકી આપી બિવડાવ્યા, ને પછી મોલવી સાહેબે પોતાના ઘરમાં તેમને કેદ કર્યા. જ્યારે તે નાનપણમાં શિખતા, ત્યારે ઘણીવાર આજ ઘરમાં કેદ કરાતા. પણ હમણાં તો કેદ થવું ઘણુંજ કઠણ ને મુશ્કેલ પડયું. હવે એ શિક્ષા વેઠી શકાય નહિ. કેટલાક લોકો વાતો કરવા લાગ્યા કે એના નસીબમાં એવુંજ લખ્યું હશે. સગાંવ્હાલાં બહુજ ક્રોધથી જોતાં ને ગુસ્સાથી બોલતાં. કેટલાક તેને સમજાવવા ને ફેરવવા માટે મહેનત કરતા, ને પટાવતા ફોસલાવતા, ને ઉપાય કરતા. બીજા કહેતા કે, અરેરે જો તે પોતાના બાપદાદાના ધર્મને પાછો કબુલ કરે તો બહુ સારૂં થાય! ઘણી ઘણી લાલચ પણ આપી. પરંતુ છેલ્લે કશો ફાયદો થયોજ નહિ ને મહમદી દીનમાં પાછા લાવી શકાયાજ નહિ.

આ નવા થએલા ખ્રીસ્તી પર જ્યારે આવાં મહા સંકટો ને વેદના આવી પડયાં ત્યારે તેને પોતાના રક્ષણને માટે જગ્યા શોધવી પડી. ને બિચારાથી રહેવાયું નહિ. તે ગભરાયો, હવે શું કરવું એનો વિચાર કરવા લાગ્યો. પછી તેણે ઠરાવ કર્યો કે મારા જુના મહે. ગાર્ડન સાહેબને શોધી કાઢી તેમનો આશ્રો લઇશ. સાહેબની પાસે ગયા ને તેમની પાસે રહ્યા. ત્યાર પછી સાહેબનીજ સાથે આગળ આવી પંજાબમાં રહેવા લાગ્યા. ત્યાં કોઇ મિશનેરી સાહેબની પાસે રહ્યા, ને જે લોકોને ઉપ-

દેશકના કામને માટે શિખાડતા તેમાં શિખવા દાખલ થયા. પરીક્ષા આપી તે પાસ થયા. જેમ પહેલાં માછીઓ માણસના પકડનાર થયા હતા, તેમ આ પણ માણસોના પકડનાર બન્યા. હા, દેવે તેને બનાવ્યો.

પાદરી સાહેબ બરાબર શિખી રહ્યા ત્યાર પછી ઘણા વખતે તે ગુન્હાપુરમાં સુવાર્તા પ્રગટ કરવાનું કામ કરતા હતા. તેમણે વૈદક કામમાં પણ બરાબર માહેતગારી મેળવી હતી, માટે દવાખાનું પણ ચાલતું કર્યું હતું. આજુબાજુના ગામડાના લોકો પણ દવા લેવા ટોળે ટોળાં આવતા હતા. આ જગ્યાએ એ કામ કરવાનાં ઘણાં કઠણ હતાં, માટે મદદ કરવા એક હિંદુસ્તાની ઉપદેશક પણ તેમની સાથે રહેતો હતો. દવાને લીધે તથા ઉપદેશ કરવાને લીધે એમનું નામ ઘણું પ્રખ્યાત થયું હતું. લોકો બહુજ આવવા લાગ્યા માટે તેમણે વિચાર કર્યો કે, દવાખાના સાથે લોકોને માટે એક નાનો હૉલ થાય તો સારૂં, તેમાં ઉપદેશ થાય ને પ્રાર્થના પણ થાય, ને નવરાશને વખતે તે બેસવાના કામમાં પણ આવે. જ્યારે નાના દેવળનું કામ પુરૂં થવા આવ્યું હતું. એવા વખતમાં એક દિવસે નાની મરિયમ બાઇ દોડતી દોડતી ઘરમાં પોતાની મા પાસે આવી ખબર આપી કે, નાની બન્નુની મા આપને મળવા સારૂ આવે છે. જેનબના મનમાં તો ઘણા વખતથી હતું કે, મારી ગરીબ તથા લાચાર હાલતમાં જે માણસે મારી આટલી બધી મદદ કરી તેની સ્ત્રીને મળાય તો ઘણુંજ સારૂં, પણ ધર્માભિમાની મહમદી પુરૂષોએ તથા સ્ત્રીઓએ તેને અટકાવી રાખી હતી. કેટલીક સ્ત્રી ને પુરૂષો મનમાં ઘણાં અજાયબ થતાં કે, જેનબ પોતાની છોડીને ખ્રીસ્તી છોડી સાથે કેમ રમવા દે છે. મહમદી સ્ત્રીઓના મનમાં ખરેખર વ્હેમ હતો કે, કોણ જાણે કોઇક ગુપ્ત રીતે બીજાં છોકરાં પર ખ્રીસ્તી છોકરાં અસર કરી દે છે. કદાચ આ નાની બન્નુને લીધે એની મા પર પણ અસર થઇ જશે. એવી સમજણને

લીધે તે લોકો જેનબને સમજાવવા લાગ્યા કે, ખબરદાર, હોશિયારીથી સાવચેત રહેજે. ખ્રીસ્તી લોકોની અસર બહુજ ખોટી છે. ઇમાનદારોના આત્મા ખરાબ કરવામાં શેતાન ખ્રીસ્તીઓને મદદ કરે છે માટે સંભાળજે.

કોઇ કોઇ વાર નાની બન્નુ મરિયમ તથા તેની માની પોતા પર થએલી મહેરબાની તથા ઉપકારોની વાત પોતાની માની આગળ કરતી હતી, તે સાંભળીને ઘણીવાર જેનબના મનમાં આવતું કે, ખ્રીસ્તી લોકોને ઘેર જઇને આ જે મહેર-બાની રાખે છે તેનો સમાગમ કરી આપું તો બહુજ સારૂં થાય. કોઇ કોઇ વાર તેના પોતાના મનમાં લોકોનું સાંભળીને જે વ્હેમ આવતા તે પર મનમાં નારાજ થઇને કહેતી કે, ખ્રીસ્તી લોકો મારી સાથે અથવા મારાં છોકરાં સાથે શા માટે ખોટી રીતે વર્તે અથવા દુઃખ દે? પણ માણસના મનમાં પોતાના ધર્મ તરફનું વલણ વધારે હોય છે. જેનબ પોતાના ને બીજાના વિચારથી જુદી ના પડી શકી, ને એ જુદી ના પડી એ સ્વભાવિક છે. એમ થાયજ, પણ નાની બન્નુએ તેને ઘણીજ મદદ કરી તેથી મનમાંથી વ્હેમ હરતો ગયો, એટલે બન્નુ રોજ રોજ તેમની વાતો કરતી તેથી તેના વિચાર બદલાતા ગયા. નાની બન્નુનું મન હતું કે જ્યાં હું રમું છું ત્યાં મારી મા પણ આવે જાય તો બહુજ સારૂં. જ્યાં મરિયમ રોજ ખેલતી હતી તે જગ્યા પર કેટલીક જોવા લાયક ચીજો હતી, જે મડમ સાહેબ વિલાયતથી લાવે છે, તે અને ચિત્રો પણ હતાં. જેનું વખાણ રોજ બન્નુ કરતી હતી તે જોવાને લીધે જેનબના મનમાંથી ધર્માંધપણું જરા હઠ્યું ને વ્હેમનો પડદો ખસી ગયો ને તેમને ઘેર જવાનો ઠરાવ પોતાના મનમાં નક્કી કર્યો, ને બીજે દિવસે મિશન કંપાઉન્ડમાં ખ્રીસ્તી લોકોના ઘર તરફ મન કર્યું.

ખબર મળી કે જેનબ આવે છે, તે સાંભળી પાદરી સાહેબ બીજા ઓરડામાં ચાલ્યા ગયા, ને સ્ત્રીઓ મળે માટે પોતે

એકલા જઇને બેઠા. દક્ષિણની રાણી સુલેમાનનું જ્ઞાન સાંભળવા આવી હતી, તેમજ જેનબે આવીને વર્ણન કર્યું કે, જે ખ્રીસ્તી લોકોના ઘરનાં વખાણ હું સાંભળતી હતી તેજ પ્રમાણે ઘણુંજ સુંદર અને શોભીતું બરાબર જોવામાં આવ્યું. બધો સરસામાન નિયમસર ગોઠવેલો સફાઇબંધ હતો. એવું રૂપાળું ઘર મેં જોયું નથી તેમ સાંભળ્યું પણ નથી.

ચોપડીઓના કબાટ અને ચોકઠાં, મોટી મોટી ઘડીઆળો, કેટલીકની આંખો ઉઘડે ને બંધ થાય. આરસીઓ, ચિત્રો, નકશા, વાસણકુશણ, કાંસકીઓ, બરૂશો, એવી નવાઇની ચીજો જોઇને તે બહુજ અજાયબ બની ગઇ. એ સર્વ ઉપરાંત પાદરી સાહેબની સ્ત્રીની લાયકી, તેનો પ્રેમ, તેનો આવકાર અને પોતાની દીકરી બન્નુ પર તેના કરેલા ઉપકારોએ જેનબના મનને ઘણીજ ઉંડી અસર કરી. પાદરી સાહેબની સ્ત્રીએ પહેલવહેલાં મુલાકાત કરી જેનબની ખતખબર પુછી ટુંકી વાતચિત કરી. પછી હવેના સમયમાં કેવી રીતે ગુજરાન ચલાવશો એ સંબંધી વાતો કરવા માંડી. જેવી રીતે બન્નુ સાંજના વખતે ભણવા બેસતી એવી રીતે અહમદને પણ શિખાડવો જોઇએ એવો ઠરાવ કર્યો. જેનબનું મન ખ્રીસ્તી લોકોના પ્રેમથી અને પરોપકારથી રંજીત થઇ ગયું. તેને પૂરી ખાતરી થઇ કે, આ ખ્રીસ્તીઓ મારા ભલામાંજ રાજી છે ને મારૂં હિત ઇચ્છે છે. જેનબે પોતાના મનમાં ઠરાવ કર્યો કે વળી બીજી કોઇવાર પણ આ ભલી બાઇની મુલાકાત કરવા આવવુંજ જોઇએ. જેનબને હવે દુનિયા ઉઘાડી અને સારી નજરે પડવા લાગી. ખાવા પીવામાં સુખી થઇ ને સર્વને ઓળખ્યા, કે સગાંવાલાં, મિત્રો, મહમદીઓ અને ખ્રીસ્તીઓ તથા હિંદુ વગેરે કેવા છે તેની પૂરી સમજ પડી. જાણે કે પડદો ઉઘડી ગયો, ને ખરૂં ખોટું તોળવાની શક્તિ મળી. હવે પછી જેનબ પણ બન્નુની સાથે કહેતી હતી કે, પ્રભુએ હવે ફરી મારા નસીબને સારૂં કરી દીધું.

૪ થો અધ્યાય.

નવા મંદિરમાં ઉપદેશ કરતાં પાદરી સાહેબે પોતાના મહમદી ભાઇઓ તરફ દીલસોજી દેખાડીને કહ્યું કે, ઓ મારા વ્હાલા ભાઇઓ, ખચીત આ જીંદગીમાં કોઇ છોડાવનારને શરણે જવું જોઇએ. કેમકે જીવતા છીએ એટલામાં પાપની માફી મગવી જોઇએ. માટે માફી આપનારને શોધીને તેને કબુલ કરી લેવો જોઇએ. યાદ રાખો કે, ઇન્સાફને દિવસે કોઇ ભવિષ્યવાદી મદદ કરી શકવાનો નથી. જો આપણે જીવતા છીએ એટલામાં પાપની માફી પામ્યા વગર મરી જઇશું તો પુનરૂત્થાનને દિવસે પાપી અને ગુન્હેગાર ગણાઇશું. અને સર્વે ભવિષ્યવાદીઓ, તથા પવિત્ર માણસો હવે દૂતોની શાહેદી સાથે તેમની આગળ આપણને આપણાં પાપની શિક્ષા મળ્યા વિના રહેશેજ નહિ; મળશેજ મળશે. પ્રભુના નામની સ્તુતિ હો કે, તેણે પાપીઓને છોડાવવા માટે તેના વ્હાલા પુત્ર આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને મોકલ્યો છે. તે પાપીઓને માટે મરણ પામ્યો છે. તે દટાયો ને ત્રીજે દિવસે રવિવારની સવારમાં પાછો જીવતો થઇને ઉઠયો છે. તે સદા સર્વકાળ સુધી જીવતો છે. ને તે તેના પર વિશ્વાસ કરનારને માટે આકાશમાં મધ્યસ્થી કરવા સારૂ હમેશાં હાજર છે. આ વખતે પેલા ઘરડા મોલવી સાહેબ લોકોને જોવા માટે આવ્યા હતા, કે કોણ કોણ મહમદી લોક ઉપદેશ સાંભળવા આવેલા છે, માટે તે પણ હાજર હતા. તે મોટા અવાજથી બૂમ પાડીને જોરથી બોલી ઉઠયા કે, હે મહમદી ભાઇઓ, ખબરદાર, આ જગ્યાએથી નાસી જાઓ, કે જેથી તમે તમારા પેગંબર તથા ખુદાની નારાજગીથી બચાવ પામો. તમારા પર કોપ આવી પડશે માટે કોપથી ને શ્રાપથી બચવા ચાહો તો નિકળીને ભાગો. એ સાંભળી ઘણા મહમદી ભાઇઓ

ડરી ગયા ને બીકના માર્યા દેવળમાંથી નિકળીને ચાલુતા થયા. પણુ કેટલાકના મનમાં પાદરી સાહેબની વાતે એટલી બધી અસર કરી હતી કે, તેઓ દેવળમાંજ બેસી રહ્યા, ને ઉઠયા નહિ. જેનબ પણુ એક પડદા પાછળ સ્ત્રીઓની સાથે બેસી સાંભળતી હતી. એના મનમાં ઉપદેશકની વાત બરાબર કોતરાઇ ગઇ કે, ઇસુ ખ્રીસ્ત આકાશમાં જીવતો છે. અને જના-મહમદ સાહેબ કબરમાં દટાએલા છે.

એક દિવસે જેનબે મોલવી સાહેબને પુછ્યું કે, મોલવી સાહેબ, હજરત ઇસા મશીહ તે આસમાન પર જીવતા છે? એ સાંભળી મોલવી સાહેબ અચંબો પામ્યા ને કરડી નજરથી જેનબ સામું તાકી રહ્યા પછી ધીરજ રાખીને જવાબ આપ્યો કે, મરિયમના દીકરા ઇસુને તેના યહુદી શત્રુઓ મારી નાંખવા ચ્હાતા હતા; તેમનાથી બચાવ પામે માટે ખુદાએ તેમને આસમાનમાં ઉઠાવી લીધા. જેનબે બીજો પ્રશ્ન પુછયો કે, ઇન્સાફના (કયામત) દિવસ પહેલાં હજરત મહમદ સાહેબ પાપની માફી આપી શકે છે, કે નથી આપતા? આ શબ્દો કાને પડતાંજ મેહેરબાન મોલવી સાહેબનો મીજાજ હાથમાંથી જતો રહ્યો, લાલચોળ આંખ કરીને ક્રોધાવેશમાં મોટા અવાજથી ત્રાડ પાડીને મનમાં આવે તેમ કહેવા લાગ્યા ને શોરબકોર કરીને જેનબને એવી ધમકાવી કે, બિચારીના હોશકોશ ઉડી ગયા ને ગભરાઇ ગઇ. હવે પછી જેનબના પર બરાબર તોહોમત મુક્યું કે, આ તો ખ્રીસ્તી છે, તે સદા-કાળના અગ્નિ અને ખ્રીસ્તીઓના નર્કમાં જવાની.

બિચારી જેનબ પોતાને ઘેર પાછી આવી. એના મનમાં બરાબર ચોંટી ગયું હતું કે, ઇસુ ખ્રીસ્ત પાપીઓને છોડાવનાર છે. તે બાઇ પોતાના વિચાર પ્રમાણે કરવાને બહુજ ગભરાતી અને બીતી હતી. મોલવી સાહેબના ગુસ્સાએ તેને છેક ગભરાવી દીધી હતી. તેમનો ક્રોધી ગુસ્સો ને મુખમુદ્રાનો દેખાવ તે ભુલી નોતી ગઇ. જેનબનું અંતઃકરણ તેનામાં સાહેદી

આપતું હતું કે, થોડી વારમાં કાંઇને કાંઇ હરકત (સંકટ) મારા પર આવી પડશે, પણ તે સમજતી કે જાણતી નોતી કે કેવી મુસીબત આવી પડશે. એવી બીક તથા ગભરાટની હાલતમાં તેના મનમાં એવો વિચાર આવ્યો કે, ખ્રીસ્તી લોકોની સંગત મુકી દઇને મારા દીયર લાહોરમાં સરકારી નોકરીમાં છે તેમને ત્યાં નાસી જાઉં. એ પોતાનો વિચાર તેણે છોકરાંને જણાવ્યો, પણ તે બન્ને છોકરાંએ ત્યાં જવાની નાખુશી દેખાડી ને જવાનું ના કહ્યું. માટે જેનબે પોતાના દીયરને ત્યાં જવાનો ઇરાદો માંડી વાળ્યો ને ઘેરજ રહ્યાં. અહમદ રોજ મેહેનત મજુરી કરીને કમાતો હતો ને કોઇ કોઇ વાર નિશાળે પણ જતો. નાની બન્નુ ભણવામાં ઘણી મહેનત કરી આગળ વધતી જતી હતી. મરિયમ સાથે નિશાળે જવાનું તેને બહુજ ગમતું હતું. છોકરાંનું મન અને વલણ એવી રીતનું હતું, ને જેનબનું પણ ખ્રીસ્તી લોકો તરફ વલણ હતું. ઘણા ઘણા વિચાર કરીને જેનબે દીયરને ત્યાં જવાનો વિચાર વિસારે નાખ્યો.

બન્નુએ પ્રભુની પ્રાર્થના અને શાસ્ત્રમાંની કેટલીક કલમો મુખપાઠ કરી હતી અને તે ઉપરાંત કેટલાંક મનોરંજક ગીત પણ આવડતાં હતાં. તે ઘણી વાર પોતાની માની આગળ ગાતી ને કેહેતી કે "ઇસુ મારા પર પ્રેમ રાખે છે," માજી હું સાચી વાત કહું છું, કેમકે મારા મહેતાજીએ અમને એ શીખાડયું છે. વાહરેવાહ! હું કેવી ભાગ્યશાળી છું કે "ઇસુ મારા પર પ્રેમ રાખે છે."

અહમદ પણ ઠીક શીખ્યો, લખવા વાંચવા લાગ્યો. એની વરસગાંઠને દિવસે પાદરી સાહેબની સ્ત્રીએ એક સુવાર્તા ઘણુંજ સરસ, કીમતી રૂમાલમાં લપેટીને તેને ઇનામ આપ્યું, ને કહ્યું કે આ લુકની સુવાર્તા તમે તમારી માને અને બ્હેનને પુરી વાંચીને સંભળાવી રહેશો ત્યાર પછી બીજું તમને સારૂં ઇનામ આપીશ. અહમદ પોતાનો રોજ પુરો કરી સાંજે ઘેર આવે ને ખાઇ પી રહ્યા પછી દીવાના અજવાળે સુવાર્તામાંથી વાંચી

સંભળાવે. કોઇ કોઇ વાર એકજ અધ્યાય બીજી વાર પણ વાંચવો પડતો કારણ કે બરાબર સમજાય નહિ ને યાદ રહે નહિ, એટલુંજ નહિ પણ કોઇ કોઇ વાત ઘણી રમુજી લાગવાથી પણ બીજી વાર વાંચવાનું મન થતું. જેમકે દૂતનું આવવું, ઘેટાંપાળકની વાત વગેરે વાતો દીલપસંદ ને મીઠી લાગતી હતી. જ્યારે ચમત્કારોની વાત વાંચવા લાગ્યા ત્યારે એટલે ઇસુએ માંદાંઓને સાજાં કર્યાં, મરેલાને જીવતા કર્યા, કોઢિયાને સારા કર્યા, એ વાતો વાંચીને તેમનાં મન પ્રેમે ભરપુર થયાં. જેનબ ઘણી વાર વચ્ચે બોલી ઉઠતી કે, મારાં વ્હાલાં છોકરાં ઇસુ ખ્રીસ્ત ખરેખર હરેક જે તેના પર વિશ્વાસ કરે છે, તેને તેના પાપથી બચાવી શકે છે. તે આકાશમાં જીવતો છે, અને બાપની આગળ તે આપણે સારૂ વકાલત કરે છે. અહમદ હમેશાં સાંજે સુવાર્તા વાંચ્યા કરતો હતો. કોઇવાર બન્નુ પણ પ્રભુની પ્રાર્થના સંભળાવતી અને ગીત પણ ગાતી અને કહેતી કે, મારી પ્રેમી મા, ઇસુ મારા પર પ્રેમ કરે છે, ને તમારા પર ને અહમદ ભાઇ પર પણ પ્રેમ કરે છે.

એવી રીતે આ નાના ઘરમાં ઇસુનો પ્રેમ રોજ રોજ વધતો ને વધતો ગયો. જેનબ અને તેનાં છોકરાં ખરેખર તારણ આપનાર ઇસુ મશીહથી તારણ લેવાની આશામાં ખુશી હતાં તેઓ પ્રાર્થનાને વખતે દેવળમાં પણ હાજર રહેતાં. તેમનાં સગાંવ્હાલાંએ અને મોલવી સાહેબે તેમને રોક્યાં, તોપણ તેઓએ જવાનું જારી રાખ્યું. પેહેલવ્હેલાં તો તેઓ દેવળમાં જઇને છાનામાના અદબથી બેસી રહેતાં ને સાંભળતાં, પણ પછી ધીરે ધીરે મરીયમ અને તેની માની સાથે ઘુટણે પડી ખ્રીસ્તને નામે પ્રાર્થનામાં પણ ભાગ લેવા લાગ્યાં. એક દિવસે પાદરી સાહેબે "માણસોની આગળ ખ્રીસ્તને કબુલ કરવો જોઇએ" એ વાત પર ઉપદેશ કર્યો ને એ વાત પર એવી ચોખી રીતે સમજણ પાડી કે, નાનાં છોકરાં પણ બરાબર સમજી ગયાં. તેમણે એ મીઠી વાત બધા નાના મોટા

આગળ ભણાવી દીધી. પછી કહ્યું કે, તારનારની પાસે આવો, કારણ કે આજેજ માન્યકાળ ને આજેજ તારણનો દિવસ છે. પછી બોલ્યા કે જે કોઇ પ્રભુ ઇસુને પોતાનો તારણ કરનાર સમજતા હોય ને માનતા હોય તે ઉભા થઇને બધા લોકોની આગળ તેને કબુલ કરે. આ વાત બન્નુને કાને પડતાંજ તે ઉભી થઇ ગઇ; ને ત્યાર પછી અહમદ પણ ઉભો થયો. પણ તેમની મા જેનબ થરથર ધ્રુજવા લાગી જો કે તે બરાબર સમજતી હતી ને માનતી પણ હતી પરંતુ ઉઘાડી રીતે કબુલ કરવા તે કાંપતી હતી ને બીતી હતી. ઉભાં થએલાં બન્ને છોકરાં ઘણાં અજાયબ થઇને માની ભણી જોવા લાગ્યાં કે, મા કેમ ઉભી થતી નથી, પણ છોકરાં પોતાની માના દીલના વિચારથી અજાણ હતાં. આખર બન્નુએ વાંકી વળી પોતાની માના કાનમાં કહ્યું કે, મારી વ્હાલી મા, ઇસુ તમારા પર પ્રેમ રાખે છે, ઇસુ તમને ચાહે છે. શું તમે નહિ ઉઠો? એ સાંભળીને જેનબના મનમાં હિંમત આવી. ને તે પણ ઉઠીને સાથે ઉભી રહી (જુઓ દેવનું પરાક્રમ), પણ એમ કર્યાથી તેઓને માથે જે બધી ફરજો પડી તે વિષે તેઓ બરાબર સમજતાં નહોતાં. એમને ઉભેલાં જોઇને સર્વ ખ્રીસ્તી લોકોને ઘણોજ આનંદ થયો, ને કેટલાક મહમદી જે દેવળમાં માત્ર જોવા આવ્યા હતા તેઓ તો આ દેખાવ જોઇને એકદમ બહાર નીકળી ગયા ને વાતો કરવા લાગ્યા. જાણે કે કોઇ માણસને પ્લેગ નીકળે અથવા અચાનક કોલેરા થાય ને લોકોને ગભરાટ લાગે છે, તેવી રીતે આ લોકો તો ગાભરા ગાભરા એક બીજા સાથે વાતો કરવા લાગ્યાં. થોડીવારમાં આખા કસ્બામાં હોંકારો ઉડી ગયો. વાત ફેલાઇ ગઇ, મહમદી લોકો ગભરાઇ ગયા ને ચકલાઓમાં, પોળોમાં, ઘરોમાં એકઠા થઇ વાતો કરવા લાગ્યાં, ને કહેતા હતા કે, આ બેઇમાન આંધળાંને શું કરવું જોઇએ? એમને માટે શું કરીએ કે જે વાજબી કહેવાય? એવી વાતો કરતા હતા ને દુ:ખી થતા હતા.

૫ મો અધ્યાય.

જેનમ ઘણીજ બીક તથા ગભરાટમાં થરથરતી થરથરતી પોતાને ઘેર આવી. નીકળતી વખતે પાદરી સાહેબે તથા તેમની સ્ત્રીએ જેનમને ઘણી દિલાસાદાયક વાતો કરી દિલાસો આપ્યો, પણ તેના મનનું સમાધાન થયું નહિ. તેના મનને પૂરી ખાતરી થઇ કે હવે કોઇ ભારે સંકટ કે દુઃખ મારા પર આવી પડશેજ. અહમદ અને બન્નુ માનું મોંઢું ઉડી ગએલું ઉતરી ગએલું ચિંતાતુર ફિકરમંદ જોઇને તેના ગળે બાઝી પડયાં. રાત્રે તેને ઉંઘ આવે નહિ; ચેન પડે નહિ; વિચારમાં ને વિચારમાં ગભરાએલી હતી. તેણે ધાર્યું કે દરવાજો બંધ કરી મોઢા પર ચાદર ઓઢી આંખો બંધ કરીને પડી રહુ તો કદાચ ઉંઘ આવશે. આખરે તેણે પોતાનાં છોકરાં પાસે ઘુટણે પડી પ્રાર્થના કરી પોતાનાં છોકરાં ઉત્તમ જીવતા તથા જાગતા રખેવાળને સોંપી આડું પાસું કર્યું. છોકરાં પણ પ્રભુની પ્રાર્થના કરી સુઇ ગયાં ને ઉંઘી પણ ગયાં.

જેનમ જો કે ખરેખરી ગભરાએલી હતી તોપણ તેના અંતઃકરણમાં મહા મોટો આનંદ હતો, કારણ કે તેને ખાતરી હતી કે, મારાં પાપ માફ થયાં છે. આજથી પહેલાં તેના મનમાં એવો મોટો આનંદ, એવા પ્રકારનો હર્ષ કદી થયોજ નહોતો. હવે તે તારણ આપનારની પવિત્ર ને મીઠી વાણી તે સાંભળી શકતી હતી કે, "તારા વિશ્વાસ પ્રમાણે તને થાઓ". છોકરાંનું ગીત કે "ઇસુ મારા પર પ્રેમ કરે છે," એ વાત તેને ઘણીજ મીઠી ને સ્વાદિષ્ટ લાગતી હતી. પછી તેના મનમાં એકદમ વિચાર આવ્યો કે, જો ઇસુ ખ્રીસ્ત મારા પક્ષમાં છે તો મારી સામાં કોણ? કોઇ નહિ. હવે તેને પૂરો વિશ્વાસ બેઠો કે, પ્રભુ મારો સંભાળનાર મારી પાસે છે. એમ કહીને આરામથી નિદ્રાવશ થઇ.

સાંજને વખતે ઘણા મહમદી લોકો એક મસજીદમાં એકઠા થયા ને પેલા મોલવી સાહેબ પણ હાજર થયા. સર્વ લોકો મોલવી સાહેબ તરફ તાકી બેઠા હતા કે, હમણાં કાંઇ સારો રસ્તો મોલવી સાહેબ દેખાડશે. અથવા કંઇ સારી સલાહ આપે છે, તે આશા રાખી બેઠા હતા. મોલવી સાહેબે કહ્યું કે, હું પેહેલેથી જાણતો હતો કે, કાંઇ માઠું પરીણામ આવશે. મેં ઘણીવાર એ બેવકુફ બાને ચેતવી હતી, સમજાવી હતી. અયોગ્ય બોલવાને લીધે એના પર નબીનો શ્રાપ, "હજરત મહમદ સાહેબનો, શ્રાપ" પડયો છે, પરંતુ હજુ પણ તે પોતાનાં છોકરાં સહીત આ શ્રાપમાંથી બચાવ પામી શકે છે. મેં એનો દીયર હાજી મુરાદ અલી જે લાહોરમાં રહે છે તેને બધું લખી જણાવ્યું છે. તેણે મને રજા આપી છે કે, આ બાઇને અને તેનાં છોકરાંને ખ્રીસ્તીઓની ભુંડી સોબતથી વેગળાં રાખવાં. જે ચાહું તે કરી શકું છું.

એ સાંભળીને સર્વ રાજી રાજી થઇ ગયા, ને કહ્યું કે, હજુર મોલવી સાહેબ, આપની મરજી મુજબ કરો. એક જણ કહે છે કે, પાદરી ને તેનું દવાખાનું સમુદ્રમાં બુરાડવા લાયક છે. એટલામાં બીજો કહે છે કે, જો આ ફીરંગી લોકોનું રાજ્ય ના હોત તો જીભ બંધ કરી દેવા લાયક છે. એવી ગરબડ કરતા હતા, ને મોલવી સાહેબ બોલ્યા કે ખબરદાર રહો, એવી એવી નકામી વાતો અમલદારને કાને ના પોંચે. કોઇ કહે છે કે અમે એ બાઇને બાસ્તિરમા લેવાની રજા નહિ આપીએ, કારણ કે એથી અમારા કરબાની ઇજ્જત જાય. ટુંકામાં એટલું કે, દરેક પોતાના ધર્મનો પક્ષ ખેંચીને ગુસ્સાથી મરજી મુજબ બબડતા હતા, ને રીસ કાઢતા હતા. છેલ્લે ઘરડા મોલવી સાહેબે ગુસ્સો કરીને બધાને છાના રાખ્યા ને દીવાને અજવાળે આમ તેમ જોઇને ધીરે અવાજે કહેવા લાગ્યા કે, તમ લોકો આ મામલાને મારા શીર પર રહેવા દો. હું તમારામાંથી થોડા માણસોને મારી મદદને માટે વિણી કાઢી

કામમાં સામેલ રાખીશ. હું બરાબર સમજુ છું કે, ઘણીજ છાની રીતે આ કામ કરવું જોઇએ. નહિ તો કાયદાના તોડનાર થઇને ગુન્હેગાર થઇ જવાય; બહુજ કાળજી રાખવી જોઇએ. આ મામલા સંબંધી ઘણોજ સારો માર્ગ મને ખબર છે. મેં શોધી રાખ્યો છે. તમે સર્વ એ કામથી અજાણ્યા રહો. જાણે કે જાણતાજ નથી કે, શું છે ને શું થયું. કશી વાત બોલોજ નહિ: જો કોઇ પુછે તો કહો કે કોણ જાણે એ વાત અમે જાણતાજ નથી. તમે શું કહો છો, એમ સામા ઉલટયા તમે પુછજો, એજ સલામતી ભરેલો રસ્તો છે.

આ વાત સાંભળી બધા લોકોએ મોલવી સાહેબની અકલની ખુબ તારીફ કરી. વાહ વાહ બોલી ઘણાં વખાણ કર્યાં ને કહ્યું કે, અમે બધા આપના મુબારક વિચારને તાબેદાર છીએ. આપના કામથી અમે સર્વ તદન નાવાકેફ છીએ ને કશું જાણતા નથી, આ સંબંધી કોઇ સરકારી માણસ અમને પૂછશે તો અમે નાજ કહીશું. અમને કશી ખબરજ નથી. જો ધર્મને માટે જુઠું બોલવું પડે તો અમારા મુબારક મહમદી સાચા દીનને માટે જુઠું બોલવામાં પાપ નથી!!

હવે ત્રણ ચાર આસામી જેમની મોલવી સાહેબને જરૂર હતી તેટલાજ મસીદમાં રહ્યા ને બીજા બધા ચાલતા થઇ ગયા. મોલવી સાહેબે પોતાની મદદ માટે રાખેલાઓની સાથે વાતચિત કરી સંપ કર્યો. ત્યાર પછી હાજી મુરાદઅલી સાહેબનો કાગળ કાઢી તેમને ધીમા અવાજે વાંચી સંભળાવ્યો. આ કાગળ પરથી મોલવી સાહેબ જેનબને ખ્રીસ્તથી ફેરવી નાખવા શક્તિવાન થયા. બધી રીતનું તરકટ રચી બરાબર ઠરાવ કરીને જાણે કે સાચું હોય એવું ઘડીને બિચારી જેનબને ઘેર જવા નીકળ્યા.

કસ્બામાં લોકો ઉંઘી ગયા હતા. મોટી શાંતિ જેવું જણાતું હતું. રાતના લગભગ બે વાગ્યા હતા. એવામાં થોડા આસામીઓ સાથે મોલવી સાહેબ ધીમા પગે અને ના

સંભળાય એવી રીતે ગુશપુશ ગુશપુશ વાતો કરતા પોતાના કપટી મિત્રો સહિત જેનબના મોહોલ્લામાં આવી પહોંચ્યા. જેનબના દરવાજે જઇને એક માણસે સાંકળ ખડખડાવી. એટલે જેનબ ચમકી ઉઠી, તેની આંખ ઉઘડી ગઇ ને બોલી, કોણ છે ? આટલા મોડી રાત્રે શું કામ છે ? તેણે બહુજ ગંભીરપણે જવાબ દીધો કે, હમણાં લાહોરથી તાર આવ્યો છે. તમારો દીયર મુરાદઅલી સાહેબ ઓચીંતા એકાએક કોઇ ભયંકર માંદગીમાં પડ્યા છે. જો તમે તેમનું મોઢું જોવા ચાહતા હો તો એકદમ જાઓ, ભાડા વિગેરેના પૈસા પણ મનીઓર્ડરથી આવી પહોંચ્યા છે. એ સાંભળી જેનબને બહુજ વ્હેમ પડયો. ગભરાઇ ગઇ ને તેની છાતી ધડકવા લાગી. પણ તેણીએ હાજી ખેરૂદ્દિનનો અવાજ ઓળખ્યો, ત્યારે તેના મનમાં જરા તસકીન (શાંતિ) વળી. વહેમ ગયો, ને મનમાં સાચું જાણી ગભરાટ વધ્યો. આ હાજી ખેરૂદ્દિન જે જેનબની લાચાર સ્થિતિમાં તેનાં મોજાં પોતાની દુકાન પર રાખી વેચી આપતા ને મદદ કરતા તે માણસ હતા. જેનબ એકદમ ખાટલામાંથી ઉઠી દીવો સળગાવી બુરખો ઓઢી ઉભી રહી. પોતાના દીયરની માંદગી સંબંધી વધારે તજવીજ કરવા લાગી. તેણે કહ્યું કે, મારૂં જવાનું મન તો છે, પણ આટલો બધો લાંબો રસ્તો ને એકલી શી રીતે જવાય. હાજી ખેરૂદ્દિને તેના બધા શક જતા રહે એવો સજડ જવાબ આપ્યો કે, જવાને માટે બરાબર બંદોબસ્ત કર્યો છે. મારી બ્હેન ને બનેવી લાહોર સુધી તમારી સંઘાતે છે, તે રસ્તામાં તમારી ને તમારાં છોકરાંની બરાબર સંભાળ લેશે ને કોઇ જાતની હરકત પડવા દેશે નહિ, સારી રીતે મદદ આપશે.

જેનબના મનમાં વિચાર આવ્યો કે અહીંથી નીકળવા પેહેલાં પાદરી સાહેબને મળાય તો ઘણુંજ સારૂં. વધારે વાર વાતચીત થવાથી પાસેનાં સગાં તથા ફળિયાના લોકો પણ થોડા ઉઠી આવ્યા હતા. તે લોકો સમજાવવા લાગ્યા કે,

બાઇ, દીયરનું મોં જોવાનું મન હોય તો એકદમ નીકળો. જરા પણ વાર ના લગાડશો, કારણ કે રેલગાડીનો વખત છે, પછી નહિ મળે, ઉતાવળ કરો. બીજાની સલાહ માનીને જેનબે ઘણીજ ઉતાવળ કરી. હાજી ખેરૂદ્દિન સાહેબે કહ્યું કે, હું કોઇને મિશન હૌસમાં મોકલીને બધી વાત પાદરી સાહેબને કહેવાડીશ કે, કાંઇ ખાસ કામને લીધે થોડા દિવસને માટે એકાએક જવું પડયું છે, ને વખત વધારે ના હતો માટે આપની મુલાકાત થઇ શકી નથી. જેનબ થોડાં જરૂરી લૂગડાં સાથે લઇ એકદમ જવા નીકળી. કસ્બાની બહાર તેને માટે એક સગ્રામ તૈયાર હતી, તેમાં બેસી સ્ટેશન ભણી ચાલતી થઇ, ને સ્ટેશને આવી પહોંચ્યાં. અહમદ ને બન્નુ જે ચોપડીઓ તેમને પાદરી સાહેબની સ્ત્રીએ આપી હતી તે લેવાનું વિસરી નહોતાં ગયાં. છોકરાંને નિશાળ મુકીને જવાનું મન હતું નહિ, પણ ખાસ કામને કારણે જવાનું હતું માટે ગયાં.

જ્યારે સ્ટેશને પહોંચ્યાં ત્યારે નમાજી લોકોને નમાજ કરવાનો વખત થયો માટે બાંગ પોકારનાર બાંગ પોકારતા હતા, એટલે આસરે પાંચ કે સાડાપાંચનો અમલ થયો. આગગાડીને આવવાની વાર નહોતી માટે દોડીને ટીકીટ લઇ લીધી. અંદર જઇ ઉભાં રહ્યાં એટલામાં આગગાડી આવી. અથડાતાં ભીડાતાં ડબામાં જઇને બેસી ગયાં. જેનબ બારી પાસે બેઠી હતી ને અહમદ તથા બન્નુ પણ પાસે બેઠેલાં હતાં તે જોઇને તેના મનને શાંતિ વળી. કારણ કે નાનાં છોકરાંને મોટાં માણસના ધકા વાગવાથી લાગે છે ને કોઇ કોઇ વાર બિચારાં રડે છે પણ ખરાં. પણ દેવ કૃપાથી આ છોકરાંને કશી હરકત પડી નહોતી, તેથી માને સારૂં લાગ્યું. છોકરાં પરથી થોડી વારમાં જેનબની નજર બહાર પડી તો પેલા ઘરડા મોલવી સાહેબ નજરે પડ્યા, તે એમની તરફ બહુજ વિચારથી ધ્યાનપૂર્વક જોઇ રહ્યા હતા. તે જોતાંજ જેનબ ગભરાટમાં પડી મનમાં ધ્રાસ્કો પડયો, કલેજું ધડકવા લાગ્યું, પેટમાં

શેરડો પડયો, ને ગભરાટને લીધે મોં છેક ઉતરી ગયું ને હોશ ઉડી ગયા. એવી હાલતમાં તેણે પોતાની દીકરી તરફ જોયું. માનું મોઢું છેક ઉડી ગએલું જોઇ નાની છોડી પુછવા લાગી, માજી, આપને સારૂં નથી કે શું? માએ જવાબ દીધો, બેટા, હમણાં મારો જીવ ગભરાએલો છે, કેમકે પેલા લોકોએ કહ્યું કે તારા કાકા મરણની અણી પર છે, તે કારણથી મને કાંઇ ચેન પડતું નથી ને ફિકર થાય છે.

નાની બન્નુએ ભોળે ભાવે પુછ્યું કે, માજી, મારા કાકા ઇસુ પર પ્રેમ કરે છે? જેનબ કહે છે, ના, ના, બન્નુ, આપણી પેઠે તારા કાકા ઇસુ પર પ્રેમ નથી કરતા, એટલુંજ નહિ પણ કોણ જાણે કદાચ આપણને પણ ઇસુ પર પ્રેમ કરતાં અટકાવે, એવો મને ડર લાગે છે. એ સાંભળીને નાની બન્નુ પણ બિચારી ગભરાઇ ગઇ, ને માના મોઢા ભણી તાકીને જોઇ રહી. પછી કહેવા લાગી કે, હું તો કાકાને કહીશ કે, કાકા, ઇસુ મારા પર બહુજ પ્રેમ કરે છે, ખરેખર મારા પર પ્રેમ કરે છે.

એ આખો દિવસ મોટી ચિંતા તથા ફિકરમાં મુસાફરી કરતાં પુરો થયો. અહમદ રસ્તામાં જે કાંઇ તેની નજરે પડે તે જોઇને પોતાની માને ઘણા પ્રશ્નો પૂછતો હતો. બન્નુ પણ જે સ્ટેશન આવે ત્યાં છોકરાંને જોઇને બહુજ રાજી થતી હતી. એમ કરતાં મોડી રાત્રે લાહોર સ્ટેશને સહીસલામત આવી પહોંચ્યા. સ્ટેશનથી એક નોકર સાથે હાજી મુરાદઅલી સાહેબને ઘેર ગયાં. ઘરના એક ઓરડામાં શેત્રંજી પાથરેલી હતી તેના પર જઇને બેઠાં એટલામાં ઘરમાંથી નોકરે ખાવાનું આણ્યું. ખાઇ રહ્યા પછી તે નોકર સાથે જેનબ વાત કરી પોતાના દીયરની ખબર પુછવા લાગી એવામાં સામેનો દરવાજો ઉઘાડી હાજી મુરાદઅલી સાજાતાજા તંદુરસ્ત હાલતમાં આવી સામે બેઠા, ને ક્રોધથી લાલ આંખ કરી જેનબની તરફ ધારીને જોવા લાગ્યા. કેટલીક વાર સુધી એક બીજાની સામે જોઇ રહ્યાં ને કશું બોલ્યાંજ નહિ. છેલ્લે હારીને બિચારી સ્ત્રી

જાત ગભરાઇને કહે છે કે, બાઇસાહેબ, આ બધું કરવાનું કારણ શું? હાજી મુરાદઅલીએ ક્રોધથી ગુસ્સામાં જવાબ દીધો કે, ભાભી સાહેબ, એ કરવાનું કારણ એજ કે, તમે પોતાની તથા છોકરાંની સંભાળ રાખી શકતાંજ નથી માટે મને વાજબી લાગ્યું કે, મુર્તિપૂજા કરવાના પાપથી તમને અને છોકરાંને રોકવા માટે મારા અધિકાર તળે મારી પાસે રાખું એવો મેં વિચાર કર્યો. આ સાંભળી જેનબને ખાતરી થઇ કે, હું ને મારાં છોકરાં મારા દીયરના ઘરમાં કેદ કરાયાં છીએ.

૬ ટ્ઠો અધ્યાય.

જે હકીકત ઉપર બની ચુકી તેને બીજે દિવસે જેનબ અને છોકરાં દવાખાનામાં પાદરી સાહેબ પાસે આવ્યાં નહિ, તે કારણથી બધા લોકોને ચિંતા થઇ ને ગભરાયા. પાદરી સાહેબના મદદગાર ઉપદેશક જેકૃષ્ણભાઇને તપાસ કરવા મોકલ્યા. તેમણે આવી ખબર આપી કે જેનબ ઘેર પણ નથી, બારણે સાંકળ પણ નથી, દરવાજો જેવો તેવો અડકાવેલો પડયો છે, તાળું માર્યું નથી. એ ખબર સાંભળી પાદરી સાહેબને ચિંતા થઇ. ગભરાટ લાગ્યો અને પોતાના પર વિતેલી વિપત્તી યાદ આવવાથી ખાતરી થઇ કે, ખચીત મહમદીઓએ તેને છેતરીને કપટથી કોઇ જગ્યાએ મોકલી દીધી હશે, કે તેની આપણને ખબર પડે નહિ. જેનબની સાથે વાત કરતાં જતી વખતે હાજી ખેરૂદ્દિન સાહેબે વચન આપ્યું હતું કે હું પાદરી સાહેબને બધી ખબર પોંચાડીશ કે પોંચડાવીશ. તે વચન તેણે પુરૂં કર્યું નહોતું તેથી પાદરી સાહેબને કશી ખબર મળીજ ન હતી, માટે ફિકર કરેતા હતા.

બન્નુના જવાથી પાદરી સાહેબની દીકરી મરિયમને પણ ભણવામાં મન ચોંટતું ન હતું ને સારૂં પણ લાગતું નહોતું. તે પાઠ વાંચતાં વાંચતાં વચમાં બોલી ઉઠતી કે માજી, બન્નુ કેમ આવતી નથી? તે ક્યાં ગઇ છે? એને બોલાવોને? માંદી છે કે? મા કહે છે ના, ના, માંદી તો નથી. એ જવાબ સાંભળીને મરિયમને ચિંતા થઇ ને પુછવા લાગી કે, ત્યારે એ ક્યાં જતી રહી? એનું શું થયું? એ કેમ આવતી નથી? મરિયમના ઘણા આગ્રહને કારણે તેની માએ તેને જણાવ્યું કે, જેનબ પોતાનાં છોકરાંને લઇને કોણ જાણે કોઇ જગ્યાએ નાસી ગઇ છે. એ સાંભળીને મરિયમ ઉદાસ થઇ ગઇ ને વિચાર કરવા

લાગી કે, હવે કોણ જાણે મારી વ્હાલી સૈયર બન્નુ કદી પણ મને મળશે નહિ ? એવા એવા ઘણા વિચાર મરિયમના મનમાં ઉઠવા લાગ્યા. બિચારી મરિયમ કેટલી ઉદાસ !

પાદરી સાહેબ પોતાના રોજના કામમાં લાગી ગયા, કારણ કે છેટે છેટે ગામોથી લોકો ગાડાં જોડીને અને ડોળીઓ કરીને માંદાને લાવ્યા હતા. તેમને જોઇ દવા વગેરે આપવામાં ગુંથાયા. આ દિવસે પ્રાર્થના પણ બહુજ ગંભીરતાથી આજીજી સાથે કરાવવામાં આવી. આખા જગતનો તારનાર તે પ્રભુ ઇસુ ખ્રીસ્તજ છે, એ વાત ઘણા દાખલા દલીલોથી સાબિત કરી દેખાડી. ને છેલ્લે પાદરી સાહેબે શાસ્ત્રમાંથી એક કલમ વાંચી સંભળાવી કે, "જે પોતાનો વધસ્તંભ ઉંચકીને મારી પાછળ આવતો નથી તે મારે યોગ્ય નથી. જે પોતાનો જીવ બચાવે છે તે તેને ખોશે, ને મારે લીધે જે પોતાનો જીવ ખોય છે તે તેને બચાવશે." આ પરથી તેમણે પોતાનો અનુભવ પોતા પર વિતેલી વાતોથી, કે હું મારા બાપના ઘરમાં કેદી જેવો, કાશ્મીરથી નાસી આવવું ને અજાયબ રીતે બચી જવું ઇત્યાદિ વાતોથી સાબિત કર્યું કે તે પ્રભુ જીવતો જાગતો બચાવનાર, રક્ષક, હમેશાં હાજર છે. તે પોતાનાંને જાણે છે ને તેમને મુકી દેતો નથી. તે યહોવાહ, જો કે જેનબ અને તેનાં છોકરાં ગુન્હાપૂરમાં નથી, પણ જ્યાં હશે ત્યાં ખચીત તેમનું રક્ષણ કરશેજ કરશે એવી વાતો સાંભળનારને કાને નાખી હતી.

બપોરે પાદરી સાહેબ જેકૃષ્ણભાઇને સાથે લઇને કસ્બામાં જેનબની ખબર કાઢવા સારૂ ગયા. એનું શું થયું, તેની પૂરી તપાસ જાતે કરવી જોઇએ એમ સમજીને ગયા ને તપાસ કરી જેનબના પડોસીઓને પુછતાં માલમ પડયું કે તેમને જરા પણ ખબર નથી કે જેનબ પોતાનાં બાળકો લઇને ક્યાં ગઇ. તેમણે સાફ નાજ કહ્યું કે અમને ખબરજ નથી. તેમની સાથે વધારે વાતચીત કરતાં તે લોકોએ જેનબના ચાલચલણ

વિષે પાદરી સાહેબને શક દેખાઓ. બીજા કહે છે કે તેમનો સગો હાજી ખેરૂઉદીન સાહેબ જે ગરીબી વખતે તેનાં મોજાં વેચી આપી તેને મદદ કરતા તેમની કોઇ જણસ ચોરીને નાસી ગઇ. થોડી વારમાં એજ જગ્યાએ હાજી ખેરૂઉદીનની પણ પાદરી સાહેબને મુલાકાત થઇ. હાજી સાહેબે ઉંડો નિસાસો નાખીને બહુજ શોકિત અવાજે કહ્યું કે, જેનબ તો કોણ જાણે કોઇ ગામ નાસી ગઇ. મને તો બહુજ ફિકર ને ચિંતા થઇ છે કે, કોણ જાણે તેનાં છોકરાં હેરાન થઇ જાય ને બિચારાં રખડતાં રઝળતાં ના થઇ જાય તો ઘણુંજ સારૂં. મને તો બહુજ ફિકર થાય છે. ચોરી સંબંધી હાજી સાહેબ કશું બોલ્યા નહિ. એટલામાં પેલા મહેરબાન ઘરડા મોલવી સાહેબ પધાર્યા ; તેમણે પણ પાદરી સાહેબ આગળ આવીને કહ્યું કે, મને તો ઘણુંજ ખોટું લાગે છે કે, જેનબ આવી રીતે એકાએક નાસી ગઇ તેથી ખરૂં પુછો તો એની ચાલચલણ વિષે મારા મનમાં શક પડે છે. પાદરી સાહેબે ઘણી તજવીજ કરી પણ કશી ખબર મળીજ નહિ. કોઇએ કશો પત્તો બતાવ્યોજ નહિ, માટે આખરે ઘેર પાછા આવ્યા અને દવાખાનામાં બેઠા. તે વખતે જેકૃષ્ણભાઇએ કહ્યું કે મારો એક હિંદુ મિત્ર છે તેણે મને કહ્યું હતું કે મેં હાજી ખેરૂઉદીનને તથા મોલવી સાહેબને સ્ટેશન પર દીઠા હતા. એમની સાથે એક સ્ત્રી ને બે છોકરાં પણ હતાં. જે છોકરાંની ઉમર તમે દેખાડો છો ને કહો છો એવાંજ એ છોકરાં હતાં એમ મને લાગે છે. જેકૃષ્ણભાઇ કહે છે કે, આ હિંદુ મિત્રના કહેવાથી મારી તો ખાતરી થાય થાય છે કે એ મહમદી લોકોએ જેનબ અને તેનાં છોકરાંને એજ ગાડીમાં કોઇ જગ્યાએ ઠગાઇ કરીને મોકલી દીધાં છે. સ્ટેશન પર તપાસ કરવાથી કાંઇ પત્તો લાગે એવું સંભવિત છે ; માટે ચાલો, સ્ટેશન પર તપાસ કરીએ. પેલા હિંદુ મિત્રના કહેવા પરથી જણાય છે કે, તે ઉદાસ જેવાં જણાતાં હતાં, પણ કેદી જેવાં મોકલવામાં આવ્યાં નથી.

હવે પાદરી સાહેબ હાજી ખેરૂદ્દીન તથા મોલવી સાહેબનો ઢોંગ ને જૂઠ જાણી ગયા; ભરમ ખુલી ગયો. પાદરી સાહેબના મનમાં જેનબ વિષે શક આવ્યો કે, કોણ જાણે તેણે પોતાના વિશ્વાસનો નકાર કર્યો હશે? અને અમારી સોબતથી છુટવા માટે તેણે મહમદીઓની મદદ માગી હશે? એવા એવા પાદરી સાહેબના મનમાં વિચાર આવવા લાગ્યા. પણ તેમની સ્ત્રીને પૂરી ખાતરી હતી કે, જેનબ કોઇ દિવસ પોતાના તારનારનો નકાર કરનારજ નથી. જોકે જેનબ અને તેનાં છોકરાં ક્યાં હશે, એમનું શું થયું તે વિષે તે બાઇને કશી ખબર હતીજ નહિ, પણ તેમના મનમાં ખાતરી હતી કે ખચીત તેની જાતના લોકોએ તેને ઠગીને કબજામાં આણી હશે. સંકટમાં પડી હશે, મહા દુઃખી હાલતમાં હશે, તોપણ તે તારનારનો નકાર કરશેજ નહિ એવી પૂરી ખાતરી તેને હતી.

સાંજની વખતે ગુન્હાપુર ગામના બધા ખ્રીસ્તી લોકો એકઠા થયા. જેનબ તથા તેનાં છોકરાં માટે પ્રાર્થના કરી પ્રભુની મદદ માગી. બધા ખ્રીસ્તી લોકો બરાબર સમજતા હતા કે ખચીત બિચારી મહા સંકટ ને દુઃખમાં પડી હશે, એમાં કાંઇજ શક નથી. બધા ખ્રીસ્તી લોકોની મુખમુદ્રા પર ઉદાસીપણું છવાએલું હતું ને બધા મહા શોકાતુર જણાતા હતા, ને કસ્બાના વિધર્મી લોકો તેમને ભયંકર (શેતાન જેવા) દેખાતા હતા. પાદરી સાહેબને એક હિંદુ મિત્રે આવીને સલાહ આપી કે, હમણાં આવી વખતે તમે એકલા ફરવા નિકળશો નહિ, કારણ કે કસ્બાના લોકો તમને કાંઇ નુકસાન પહોંચાડે, હુલ્લડ કરે એવું સંભવિત છે. કદાચ એવું થઇ જાય માટે થોડા દિવસ સુધી સંભાળો, પછી પોતાની મેળે શાંત પડી જશે. એવામાં કોઇ જગ્યાએ થોડા દિવસને માટે ખ્રીસ્તી લોકોનો મેળો હતો ત્યાં પાદરી સાહેબ જવાના હતા. પણ આ હિંદુ મિત્રની સલાહ સાંભળીને તેમણે પોતાના મનમાં ઠરાવ કર્યો કે હું એકલોજ નહિ પણ મારાં બાલબચ્ચાં સહિત મેળામાં

જઇશું, એ સલામતી ભરેલો માર્ગ છે. તેમણે જવાને લીધે દવાખાનું બંધ કરવાનો વિચાર કર્યો. બીજે દિવસે શાસ્ત્ર વાંચી પ્રાર્થના કરાવી અને સર્વ લોકોને દવા આપી. પછી જાહેર કર્યું કે, એક અઠવાડીઆ સુધી દવાખાનું બંધ રહેશે, કારણ કે હું ખ્રીસ્તી લોકોના મેળામાં જવાનો છું. સાંજની વખતે સરસામાન બાંધી ઘરબારનો બંદોબસ્ત કરી પાદરી સાહેબ ને તેમનું કુટુંબ મેળામાં જવા તૈયાર થયું.

૭ મો અધ્યાય.

જેનબ ભાભી, તમે જાણતાં હશો કે આપણા મહમદી કાયદા પ્રમાણે મારા મરહુમ ભાઇ (પ્રભુ તેમને તેમનાં પાપ માફ કરો) અબ્દુલ્લાનો હું વારસ છું. મેં મારા જાની દોસ્ત મોલવી સાહેબના લખવાથી તમારી ખબર જાણી લીધી. તમે ગુન્હાપુરના ખ્રીસ્તી લોકોના આસરાથી તેમના ઉપકારો તળે છેક દબાઇ ગયા હતા, માટે મેં ઇરાદો કીધો કે, એ ખોટા લોકોની સોબતથી તમને છોડાવું ને મારી પાસે રાખું કે તમારૂં ઇમાન (મહમદી વિશ્વાસ) ડામાડોલ થઇ પડી ન જાય ને મહમદી દીનમાં કાયમ રહી શકો ને બીજી કોઇ જાતની હરકત પડે નહિ પણ સ્થિર રહેવાય, એ કારણથી મેં મારી પાસે બોલાવી લીધાં.

હાજી મુરાદઅલી જે વાત કરતા હતા તેનો કાંઇ પણ ઉત્તર આપ્યા વિના જેનબ બહુજ ગુસ્સાસહિત બેઠી બેઠી સાંભળતી હતી. તેને ઠગાઇ કરી છેતરીને ગુન્હાપુરથી કાઢી હતી. હવે તે પોતાનાં છોકરાં સહિત પોતાના દિયરના ઘરમાં જાણે કે એક તરેહના કેદખાનામાં પડી હતી. જેનબના મનમાં એવો વિચાર કદી પણ આવ્યો નહોતો કે, મારા પડોસી તથા સગાં આવી રીતે મારી સાથે દગો કરી છેતરપંડી કરશે. હાજી મુરાદઅલીની બધી વાત સાંભળી લીધી. પછી જેનબ મોટી હિંમતથી ધીરજ રાખી હાજી સાહેબને જવાબ દેવા તૈયાર થઇ ગઇ. તે કહે છે કે, હાજી સાહેબ, આપ હમણાં આટલું બધું કહેવા ને કથવા ઉતાવળા થયા, પણ જ્યારે તમારા ભાઇ સ્વર્ગવાસી થયા ને હું રાંડીરાંડ થઇ ગઇ, દુ:ખનો પહાડ તુટી પડયો, માંદગી અને નિરાશા આવી ઉભાં રહ્યાં, છોકરાં માંદાં પડ્યાં, દવા દારૂના પૈસા નહિ, ખાવાનું નહિ, લુગડાં લત્તાં નહિ, એવા સંકટના સમયે તો આપે એક શબ્દ પણ લખ-

વાની તસ્દી લીધી નહિ. જો લખ્યું હોત તો મારા ભાગેલા અંતઃકરણને જરા શાંતિ મળત. એક પાઇ સરખી પણ મોકલી નહિ. મારાં માંદાં છોકરાંને દવા માટે કે બિચારાંને ખાવા માટે કશો વિચારજ આપને આવ્યો નહિ ને કશું લેશમાત્ર પણ કર્યું નહિઃ એટલુંજ નહિ, પણ ગુન્હાપુરના તમારા સગા તથા મિત્રોએ પણ મને કશી જાતની મદદ કરીજ નહિ. તેમના પર તમે પણ કાંઇજ લખ્યું નહિ. ખ્રીસ્તી લોકોની મદદ લેતાં મને જરા પણ રોકી નહિ. બિચારા ભલા ને પ્રેમી ખ્રીસ્તી-ઓએ દવા અને ખાવાનું બન્ને રીતે મને ઘણીજ સારી મદદ આપી. તંગીને વખતે તેમણે અમને એવા સારે રસ્તે ચઢાવ્યાં કે, અમે અમારા હાથે કોઇની ઓશીઆળ વિના કમાઇ ખાઇએ અને આબરૂભેર અમારા દિવસ ગુજારીએ એવો બંદોબસ્ત કર્યો. આપે હમણાં અમારી સાથે આવી ભુંડી ચાલની યોજના યોજી ઠગાઇ કરી છેતર્યા એમાં શું ભલું કર્યું?

આવી રીતે જેનબના મ્હેણાં ટુણાં સાંભળીને હાજી સાહેબને ઘણુંજ ખોટું લાગ્યું. તેમનો જીવ બળી ઉઠ્યો અને શરમ પણ લાગી. જેનબની ધીરજથી ને હિમ્મતથી કહેવા પર તેમને જરા વિચાર આવ્યો નહિ, અને વાત જે તે કહે છે તે સાચી છે એ વિષે પણ વિચાર કર્યો નહિ, પણ ઉલટો એવો વિચાર કર્યો કે, એક સ્ત્રી થઇને મને આવી બેધડક રીતે બોલે અને મ્હેણાં સંભળાવે એ કેવી વાત! એમ સમજી ઘણાજ ક્રોધાયમાન થઇ ગયા. કલેજું કપાઇ ગયું ને મન સળગી ઉઠ્યું, તોપણ પોતાનો મિજાજ કબજે રાખીને બોલ્યા કે, "જેનબ, હવે તમે સ્ત્રીઓને બેસવાની જગ્યાએ જાઓ. ત્યાં તમને રહેવા સારૂ ઓરડો બતાવશે. હું થોડી વાર પછી તમને બતાવીશ કે, તમારૂં ભલું કરવા માટે કેટલી મહેનત કરૂં છું એવી આપને ખાતરી થશે. જો તમે પોતાને વફાદાર અને ઇમાનદાર સ્ત્રી સાબિત કરી બતાવશો તો તમારે માટે ભલું છે. (મતલબ એ છે કે તમે મહમદી ઇમાન પર છો એવું

સાબિત કરી દેખાડશો તોજ તમને લાભ મળશે) નહિ તો પરીણામ શો આવશે તે તમે જાણતા નથી (મતલબ કે ખોટો પરિણામ આવશે)."

આ ધમકી સાંભળીને બિચારી જેનબ અને છોકરાં તો સજડ થઇ ગયાં ને ગભરાટમાં પડ્યાં ; પછી હાજી મુરાદઅલીના હુકમ પ્રમાણે એકદમ સ્ત્રીઓ પાસે ચાલ્યાં ગયાં. ત્યાં તેમને એક કોટડી દેખાડવામાં આવી કે આમાં તમારે રહેવાનું છે. તે કોટડી બહારથી પણ બંધ કરી શકાતી હતી. ઘરની સ્ત્રીઓ જેનબ પ્રત્યે બહુજ ધિક્કાર દેખાડી ગુસ્સાથી બોલવા લાગી, ને જેનબ તથા છોકરાંથી અભડાતાં હોય એવી રીતે છેટે છેટે ફરતી હતી, ને એમને વટલેલાં સમજતી હતી. બિચારી જેનબને ઘણા અપશબ્દો પણ કહ્યા અને વળી વચમાં હાજી સાહેબનાં વખાણ કરીને બોલતીઓ કે, આવી ભુંડી ભટકેલ અને બગડેલી સ્ત્રી પર, જે ખ્રીસ્તી થઇ જવાની હતી એવી ખોટી, તેના પર પણ હાજી સાહેબ મેહેરબાની રાખે છે. ખરેખર કેવા ધાર્મિક અને ભલા માણસ છે! બધું સાંભળી જેનબ બેઠી બેઠી ચોધાર આંસુએ રડવા લાગી. બિચારા અહમદ અને બન્નુ તો એટલાં બધાં ગભરાઇ ગયાં કે, રડી પણ શકતાં નહિ. છાનાંમાનાં ચુપચુપ માના ખોળામાં પેસી ગયાં. બન્નુ માના કાનમાં છાનીમાની કહેવા લાગી કે, મા, ફરી શું આપણું નશીબ બગડી ગયું છે? શું પ્રભુ ઇસુ ખ્રીસ્ત ફરી એને સારૂં નથી કરી શકતો?

છોડીની એવી વાતો સાંભળીને જેનબ હોશમાં આવી સચેત થઇ ગઇ. પછી પોતાનાં છોકરાંને બધું કહેવા લાગી કે, તમારો કાકો ને બધાં આપણા પર બહુજ ગુસ્સે થયાં છે અને રીસે ભરાણાં છે. એવું ચાહે છે કે, આપણે પ્રભુ ઇસુ ખ્રીસ્તને મુકી દઇને ફરી મહમદી દીનમાં જતાં રહીએ. પણ મારાં વ્હાલાં છોકરાં, તમે એવી મહેનત કરો કે હમેશાં સાચાં અને સારાં રહો. તમારા કાકાની સાથે ને બીજાની સાથે એવી

સભ્યતાથી વર્તો કે જેથી એમને સાફ માલમ પડી જાય કે, ખ્રીસ્તી લોકોએ તમને બગાડ્યાં નથી પણ ઉલટું સુધર્યાં છે, માટે સંભાળીને બરાબર ચાલજો. પ્રભુ ઇસુ ખ્રીસ્ત તમારા કાકાને પણ સારો તથા ભલો બનાવી શકે છે. ખ્રીસ્ત દરેક રીતે આપણી સંભાળ લેશે. હમણાં જ્યારે તમે તમારા કાકાના ઘરમાં છો ત્યારે પ્રભુ ઇસુ ખ્રીસ્તને રાજી રાખવા મહેનત કરવી એ તમને ઘટે છે અને તમારે એમજ કરવું જોઇએ. જેનબે એવી રીતે પોતાનાં છોકરાંને શિખામણ આપીને પ્રાર્થના કરી સુઇ ગઇ.

બીજે દિવસ સવારે જેનબ જરા મોડી ઉઠી, એટલે સવારમાં નમાજ કરવા સારૂ બાંગ પોકારવામાં આવે છે તે પણ તેણીએ સાંભળી નહોતી એટલું મોડું થયું હતું, માટે એકદમ ઉઠીને જલદી જલદી નહાવા ધોવા ને દાતણ પાણી કરવા રોકાઇ. એટલામાં હાજી મુરાદઅલી સાહેબ તૈયાર થએલા આવી પહોંચ્યા ને કહ્યું કે, અહમદ સરકારી નિશાળે જાય અને તમે તથા બન્નુ મારી સ્ત્રીના હુકમ મુજબ ઘરનું કામકાજ કરો એમ કહી બહાર ગયા. આ વાત સાંભળી જેનબ વિચારમાં પડી ગઇ. મનમાં કહેવા લાગી કે, મારે માટે બહુજ મુશ્કેલ થયું. બધાથી નીચ કામ મને સોંપવામાં આવશે. જાણે કે તમામ ખાનદાનની હું છોકરી (લોંડી) હોઉં એમ દેખાશે. બિચારી બન્નુએ કદી કોઇની ધમકી કે ઠપકો સાંભળ્યો નહોતો પણ હવે સાંભળવું પડશે. થોડી વારમાં એ બિચારીને માલમ પડયું કે ઘરમાં બધાથી હું નીચ, અકરમી છું, કારણ કે એની સાથે તોછડા શબ્દો અને અપશબ્દો બોલાતા હતા, અને જરા જરા બાબતમાં તેને બહુજ ધમકી સાંભળવી પડતી. આવી રીતે બિચારી છેક લાચાર સ્થિતિએ પહોંચી હતી. આવા મહા સંકટ અને દુઃખના વખતમાં તેની પાસે મરિયમ હતી નહિ, કે જેથી કરીને તેની સાથે બે ઘડી રમી દુઃખ વિસારો કરે. અને વળી ભણવાનું પણ હતું નહિ કે ત્યાં

જવાથી થોડી વાર દુઃખમાં છુટકો મળે. બન્નુ બહુજ ધીરજ રાખીને દુઃખની બરદાસ્ત કરતી હતી અને પોતીની માની શિખામણ પ્રમાણે ચાલતી હતી. એવા દુઃખમાં કોઇ વાર તેને શિખેલું ગીત યાદ આવવાથી ગાવાનું મન કરી ગાવા જાય કે તરત કોઇ ને કોઇ સ્ત્રી એના પર ગુસ્સો કરી ધમકાવે અને બોલ સંભળાવે, માટે તરત તે બંધ થઇ જતી. કોઇ વાર ઘરમાંથી બહાર જવાનું મન કરે તો તેના પર બહુજ સખત જુલમ ગુજારવામાં આવતો (માર મારતાં) તેથી એ બિચારી રડવા શિવાય બીજું કશું કરી શકતી નહિ.

હાજી મુરાદઅલી સાહેબના મનમાં એ વિચાર હતો કે, હવે તે ખ્રીસ્તીઓથી જૂદાં પડ્યાં છે માટે જેનબ અને છોકરાં ખ્રીસ્તીઓની શિખામણ ભુલી જશે. અહમદ અને બન્નુ જે બાયબલની કલમો શિખ્યાં છે તે જરૂર ભુલી જશે, એટલુંજ નહિ પણ ખ્રીસ્તને પણ તદન વિસરી જશે, કારણ કે મેં ઘણીજ હોશિયારીથી બંદોબસ્ત કર્યો છે માટે થોડી વારમાં બધું ભુલી જશે.

જેનબને પાદરી સાહેબ તથા તેમની સ્ત્રી તરફથી કશી ખબર મળી નહિ, માટે પોતાના મનમાં વિચાર કરવા લાગી કે કોણ જાણે મને તેઓ ભુલી ગયાં હશે. તેને જરા પણ ખબર ના હતી કે, ગુન્હાપુરના ખ્રીસ્તીઓ મારા વિષે અજાણ છે ને અમે ક્યાં છીએ તેની ખબર તેમને હશેજ નહિ એવું સમજતી ના હતી. પણ જાણુતી હતી કે અમારી ખબર તે લોકોને છે કે, અમે લાહોરમાં છીએ માટે તેના મનમાં સ્વાભાવિક રીતે એવા વિચાર આવ્યા કે, ખરેખર ખ્રીસ્તી લોકો મને ભુલીજ ગયા. મારી કશી ખોળ પણ કરીજ નહિ. અરેરે! મને છેક મુકી દીધી. એવા વિચારની મનમાં ઘડભાંગ થતાં થતાં અઠવાડીઉં અને પખવાડીઉં એક માસ વીતી ગયો પણ ગુન્હાપુરની કશી ખબર તેને મળીજ નહિ: કોઇ કોઇવાર જેનબ ગુન્હાપુરની વાત કાઢતી ત્યારે બીજી સ્ત્રીઓ બોલતી કે

રહેવા દો! જોયા કેની!! જ્યાં સુધી તમારૂં ઇમાન ખરાબ કરવાની તેમની મતલબ હતી ત્યાં સુધીજ દોસ્તી રાખે, પટાવે, ફોસલાવે, એ ખ્રીસ્તી લોકો તો એવાજ છે. માત્ર મતલબનોજ પ્રેમ દેખાડે છે પછી કશું નહિ. હવે તેમને તમારી આશા નથી માટે તમને યાદ પણ શા માટે કરે? હવે તો છેક ભુલી ગયા. તમારા વિષે તેમને વિચાર પણ આવતો નહિ હોય. તે તમારે લીધે જરા પણ દુઃખ વેઠે એવા લોકો નથી. ખરેખર એ તો મતલબીજ છે. એવી એવી ઘણી વાતોની ચરચા ચાલતી તોપણ જેનબ પોતાનો વિશ્વાસ જે તારનાર પર બેઠો હતો તેમાં કાયમ હતી. જ્યારે એને કોઇ કોઇવાર સ્ત્રીઓની સાથે નમાજ કરવી પડતી હતી ત્યારે પોતાના દીલમાં છાનીમાની પ્રાર્થના કરતી ને તારનારને ભુલી નહોતી ગઇ. નાની બન્નુ જે કલમો અને ગીત મોઢે શિખી હતી તે વિસરી ગઇ નહોતી, કારણ કે તે પોતાની માની આગળ તથા ભાઇ પાસે મોઢે બોલી જતી. આવા મહા સંકટને સમયે પણ પ્રભુએ તેમના કમજોર વિશ્વાસને ઘણીજ મજબૂતી બક્ષી હતી. તેઓ હજી સુધી ખ્રીસ્તમાં ટકી રહ્યાં હતાં; (પ્રભુના નામને ધન્ય હો).

હવે પછી બધા મહમદીઓએ એક નવી રીત શોધી કાઢી. એક રોજ અહમદ નિશાળે ગયો હતો અને બન્નુ તથા જેનબ ઘરના કામકાજમાં રોકાએલાં હતાં. હાજી સાહેબની સ્ત્રી પહેલાંના કરતાં હમણાં તો બહુજ રીસમાં ને રીસમાંજ રહેતાં હતાં. તેમણે નાની બન્નુને શિક્ષા કરવા પકડી ને ખૂબ મારી. બિચારી જેનબ આ જે માર પડતો તે જોયા કરતી હતી ને કશું બોલતી નહિ, કારણ કે જો કોઇવાર તે વચમાં બોલે તો બન્નુને ઘણોજ માર ખાવો પડે (માની સ્થિતિ માજ સમજો), માટે બિચારી જોયાજ કરતી અથવા આઘી પાછી ખસી જતી ને બોલતી નહિ. ઘણીવાર તેને આંખમાં આંસું આવતાં, પણ પ્રાર્થના શિવાય બીજું કશું કરી શકતીજ નહિ.

આજે બન્નુને ઘણીજ મારી અને એક કોટડીમાં બંધ કરી હતી. સાંજ પડી પણ બન્નુ દેખાઇજ નહિ, તેમજ અહમદ પણ નિશાળેથી આવ્યો નહિ. છેલ્લે મા વાટ જોઇ જોઇને થાકી, રાત પડી પણ કોઇ છોકરૂં જણાયું નહિ. પોતાના ઓરડામાં ગઇ અને આખી રાત છોકરાંને માટે રાહેલની પેઠે રડ્યા કર્યું ને પ્રાર્થના કરી.

૮ મો અધ્યાય.

અહમદ અને બન્નુ એમ એકાએક ગુમ થઇ જવા પહેલાં કેટલાક દિવસ આગમચ એક ફકીર આવ્યો હતો. તે રંગે કાળો અને ઉંચો ને બીક લાગે એવો હતો; મોટી મોટી તેની આંખો હતી. તેના માથાના લાંબા વાળ તેના બેઉ ખભા પર બે બાજુ પડયા રહેતા. એ માણસ જુમા મસીદમાં નમાજને વખતે પાંચેવાર બાંગ પોકારતો હતો, ને નમાજ કરી રહ્યા પછી જે લોકો બેસતા હતા તેમને મહમદી દીન સંબંધી ઉપદેશ કરતો અને ઉશ્કેરતો. તેનો ખાસ ઉપદેશ એ હતો કે ખ્રીસ્તી લોકો વધતા જાય છે, તેમને વધતા કોઇ પણ રીતે અટકાવવા. ને સુવાર્તાનો કોઇ પણ રીતે અટકાવ કરવો એવું તે ચાહતો હતો. તે વજનદાર લોકોને ચઢાવતો, એ માટે કે, ખ્રીસ્તી સ્ત્રીઓ મહમદીઓના ઝનાનામાં જઇને સ્ત્રી તથા છોકરાંને સુવાર્તા સંભળાવતાં તેમને ઘરોમાં લોકો આવવા દે નહિ એ તેની મતલબ હતી.

એક વખતે એ ફકીરે પોતાના ઉપદેશમાં જેનબ અને તેના છોકરાંનો દાખલો આપીને ખ્રીસ્તી લોકોની અસર જે થાય છે તે બરાબર સમજાવીને દેખાડયું હતું, અને તમામ પાદરી સાહેબોની, ઉપદેશકોની તથા મહેતાજીઓની નિંદા કરી હતી; તેમાં હાજી મુરાદઅલી સાહેબની પણ નિંદા ભૂલ્યો ન હતો. તેણે કહ્યું કે, હાજી સાહેબ પણ એવા ભુંડા લોકોને પોતાના ઘરમાં રાખે છે. ને તેણે સાફ કહ્યું કે, હાજી મુરાદ-અલી પણ અર્ધો ખ્રીસ્તી છે. એ શબ્દો હાજી સાહેબને બહુજ કઠણ પડયા ને મનમાં બીક લાગી. પછી તેમણે પોતાને ઘેર એ ફકીરને બોલાવી પુછયું કે, આજે મોટું પાપ મારાથી થયું છે. તેના શાપ તળેથી ઉગરવા માટે શું કરૂં?

અને શો ઉપાય કરૂં કે ખ્રીસ્તી થવાનું તોહોમત લોકો મારા પર મુકે નહિ, પણ મને પક્કો મહમદી જાણે? ફકીરે સલાહ આપી કે, પહેલામાં પહેલો ને સારો રસ્તો એ છે કે, છોકરાંને માથી જૂદાં પાડો, એટલે તે છોકરાં પોતાના વડીલોની શિખામણ પર ચાલશે. અને મને એમ લાગે છે કે એમ કરવાથી તેમની મા પણ ફરી પોતાનું ઇમાન પકડશે. પહેલ વહેલાં તો હાજી સાહેબે આ નિર્દય શિખામણની સલાહ માની નહિ પણ પછી તેમના આડોસી પાડોસી પણ તેમને મ્હેણાં દેવા લાગ્યા, ને લોકો ધીક્કાર દર્શાવવા લાગ્યા. ત્યારે તેથી હાજી સાહેબને બહુજ દુઃખ લાગ્યું માટે મનમાં ઠરાવ કર્યો કે, છોકરાંને જૂદાં પાડયા વિના આ લોકોનાં મ્હો બંધ નહિ થાય. ફરી બીજીવાર હાજી સાહેબ સદરહુ ફકીરને મળ્યા. તે વખતે પણ તેણે તો જેવી પહેલાં આપી હતી તે ને તેજ સલાહ આપી. હાજી સાહેબનું મન ડામાડોલ ને ઢચુંપચું થઇ ગયું. તેમના મનમાં કોઇવાર વિચાર આવતો કે, માને અને છોકરાંને જૂદાં પાડવાનો જુલમ કરવો એ બહુજ ખોટું છે. અને કોઇવાર મનમાં આવતું કે, ફકીરની સલાહ પ્રમાણે કરવુંજ પડશે, છુટકો નથી. એવા વિચારમાં બેઠેલા હતા એટલામાં બે જણ આવ્યા ને તેમને બોલવા લાગ્યા ને ઘણાં મ્હેણાં દીધાં ને કહ્યું કે, જે લોકો પ્રભુને માનતા નથી તે ખ્રીસ્તીઓને તમે ઘરમાં રાખો છો. અમારાં નાનાં છોકરાંને બન્નુએ એક ગીત શિખાડયું છે, તેમાં ઇસુ ખ્રીસ્તનાં વખાણ તથા સ્તુતિ છે. જો તમે એનો ઉપાય નહિ કરો તો અમને બીક છે. કોણ જાણે આપણા બધાથી ખ્રીસ્તી થઇ જવાય. એ વાતો સાંભળીને હાજી મુરાદઅલીને ઠરાવ કરવો પડયો કે, છોકરાં તથા માને જૂદાં પાડવાં. છોકરાંને પેલા ફકીર સાથે કોઇ બીજા શહેરમાં મોકલી દેવાં. ત્યાં તેઓ મહમદી રીત રિવાજ તથા શિખામણમાં મોટાં થાય. હવે તેમણે ઉપાય કરવા માંડયા કે કેવી રીતે મોકલવાં જેથી

જેનબને ખબર ના પડે, પણ એવું સમજે કે છોકરાં પોતે કોઇ જગ્યાએ નાસી ગયાં. એવું તરકટ નક્કી કરી છોકરાંને કાઢયાં, ને અફવા જાહેર કરી કે કોણ જાણે કેમ કરીને કઇ જગ્યાએ છોકરાં સંતાઇ ગયાં અથવા નાસી ગયાં. માટે માણસો મોકલી જૂઠી તપાસ કરાવવા ને ખુબ શોધ ખોળ કરવા લાગવું તેથી જેનબને ખાતરી થશે કે, છોકરાં ખોવાઇ ગયાં.

એક દિવસે જ્યારે બન્નુને હાજી મુરાદઅલીની સ્ત્રીએ મારી કુટીને ઓરડીમાં બંધ કરી હતી, તેની પાછળની બારી ઉઘાડી એક માણસ અંદર આવ્યો ને બન્નુની સાથે દુઃખી થઇને મીઠી મીઠી વાતો કરી કહેવા લાગ્યો કે, હું ગુન્હાપૂરથી આવેલો છું. તમને ને તમારા ભાઇને પાદરી સાહેબની પાસે લઇ જવા સારૂ તમે ત્યાં પાછાં નિશાળે શિખવા જજો ને ખુશી આનંદમાં રહેજો. આ દુઃખ મટી જશે, માટે છાના-માનાં મારી સાથે ચાલો. થોડા દિવસ પછી તમારી માને પણ ત્યાં બોલાવી લઇશું. બિચારી દુખિયારી બન્નુ આ ઠગાઇની જાળમાં પકડાઇ ગઇ. કેદખાનામાંથી નિકળી એ માણસની સાથે રાજી થતી થતી ચાલી. જરા આગળ ગયાં એટલે અહમદ પણ તેને રસ્તામાં એકઠો થયો. ને બન્ને ભાઇ બેન રાજી થતાં થતાં આનંદથી ચાલ્યાં. બન્નુની પેઠે અહમદને પણ સમજાવી પટાવી તેડી આણ્યો હતો. ત્રણે જણ વ્હેલાં વ્હેલાં ચાલવા મંડ્યાં. રસ્તામાં એક શગ્રામ હતી તેમાં બેસી સપાટાબેર રેલ્વે સ્ટેશને ગયા, આગગાડીમાં બેસી ચાલતાં થયાં. તેડી જનાર માણસે ગાડીમાં બેસી પોતાનો પોશાક ઉતાર્યો તેથી અહમદને જોતાંજ ખબર પડી ગઇ કે, આ તો પેલો ફકીર છે; જે જાતે મસીદમાં બાંગ પોકારતો તે. ઓળખાણ પડતાંજ તે બિચારા અહમદનું નાનું કલેજું ફટકવા લાગ્યું, છાતી ધડકવા લાગી, કેમકે તેની ખાતરી થઇ કે, ગાડીમાંથી ઉતરતાં વારમાં કોઇ મોટા સંકટમાં આવી પડવાનાં. અહમદે બહુજ સંકોચાઇને પોતાનું દુઃખ દાબી

રાખ્યું, અને વિચાર કરવા લાગ્યો કે, વળી બીજું શું દુઃખ અમ બે ગરીબ લાચાર નબાપાં પર આવી પડશે? અરેરે શી વલે થશે?

ગાડી જતી હતી તે પરથી પણ.તેને ખાતરી થતી હતી કે, અમે ગુન્હાપૂર ભણી નથી જતાં પણ ઉલટાં અમે કોઇ બીજી જગ્યાએ જઇએ છીએ. બન્ને ભાઇ બેન ગભરાયાં. પહેલાં નિકળતી વખતે બન્નુ વિચાર કરતી હતી કે, હું મારી મહેરબાન પ્રેમી શિખાડનારની પાસે જાઉં છું ને મરિયમ પણ મળશે. બહુજ સારૂં; પણ જ્યારે અહમદે તેને છાનામાના બધી વાત કહી ત્યારે બિચારી સમજી ને બહુજ ગભરાઇ ગઇ ને કહેવા લાગી કે, હાય બાપ, અમે અમારી વ્હાલી માથી પણ જૂદાં પડયાં!! અને હવે કોણ જાણે અમે ક્યાં ને કોની પાસે જઇશું! એવા વિચાર કરી મનમાં ધ્રાસકો પડયો.

જ્યારે સ્ટેશન આવતું ત્યારે રેલ્વેના નોકરો સ્ટેશનનું નામ પોકારતા. એ સ્ટેશને જે ઉતરવાના હોય તે નામ સાંભળીને ઉતરી પડતા. આ બન્ને છોકરાં બહુજ ધ્યાન પૂર્વક સ્ટેશનનું નામ સાંભળતાં, એ માટે કે અમે એ ગામનું નામ કદી સાંભળ્યું છે કે નહિ તેની ખાતરી થાય, પણ જે નામ તેમના કાને પડતાં તે તદ્દન નવાંજ હતાં. હવે ધીરજ રાખી શકાઇ નહિ, આંખોમાંથી આંસુની ધારા પોતાની મેળે વેહેવા લાગી. [અરે ભલા પરમેશ્વર, અમારો બાપ નથી, કાકાને ઘેર માર ખાધો અને પાદરી સાહેબને મળવાની આશાએ વ્હાલી માનો વિયોગ પડયો! અરે, અમારૂં કોઇ નહિ, વનમાં એકલા ઝાડ જેવા રહ્યાં. અમારી ખબર કોણ પુછશે? અમારૂં ગામ ક્યાં, ઘર ક્યાં, ને આ એકલાં પડ્યાં! અમારૂં મરણ આવે તો સારૂં. મારી નાની બેનની શી વલે થશે? હાય, અમે કોણના ગુલામ થઇશું? શાં શાં સંકટો આવી પડશે? એવા ઘણાજ વિચાર બિચારા અહમદના મનમાં ઉઠવા લાગ્યા. માટે પોતાનું અંતઃકરણ કબજે રાખી ના શક્યો, તેથી ધડધડાટ આંસું

નિકળવા લાગ્યાં; તે જોઇ નાની બન્નુ પણ સમજી ગઇ ને તેપણ રડવા લાગી. હાય હાય, બિચારાં નબાપાનું કોણ હોય? બન્ને જણ રડવા લાગ્યાં]. આવા મહા દુઃખ તથા સંકટના સમુદ્રમાં તેમનું વહાણ ડામાડોલ થતું હતું, તો પણ સાંજે પ્રભુની પ્રાર્થના ભૂલ્યાં નહિ. પ્રાર્થના કરી પોતાની વહાલી માને માટે પ્રભુ પાસે શાંતિ માગી; પછી થોડીક વારમાં થાક્યાં પાક્યાં બિચારાં અનાથ છોકરાં ગાડીના ડબામાં સુઇ ગયાં.

૯ મો અધ્યાય.

ગાડી જોસભેર ચાલતી હતી ને એકાએક ઓચિંતો મોટો ધક્કો લાગ્યો, તેથી અહમદ અને બન્નુ બન્ને ચમકી ઉઠયાં. કેટલી વાર સુધી સુઇ ગયાં તેનું આ છોકરાંને ભાન હતું નહિ. ઉઠતાંજ તેમના કાને પોકાર સંભળાવા લાગ્યા કે, દોડો દોડો, મદદ કરો, એવા મોટા બુમાટા સંભળાયા. ચોતરફ શોરબકોર મચી ગયો, ને રડારોળ થઇ રહી હતી. અહમદ ઉતાવળો ઉતાવળો બન્નુ બુમેબૂમ પાડતી હતી તેની તરફ જવા લાગ્યો, એટલામાં એક ભાંગેલા ડબ્બાના પાટીઆમાં તેનો પગ ફસાઇ ગયો. પોતે બન્નુને પોકારવા લાગ્યો. બન્નુ ગભરાટની મારી ફકીરને હાંકો મારવા લાગી, ને બોલતી હતી કે, મહેરબાની કરી દોડો ને મને બચાવો; બચાવો, પણ કોણ આવે ? હરેક તરફ શોરબકોર ને બુમાબૂમ થઇ રહી હતી. થોડી વારમાં રેલ્વેના નોકરો તથા જે મુસાફરો થોડાઘણા બચ્યા હતા તે હાથમાં ફાનસો લઇને દોડતા આવી પહોંચ્યા. બિચારાં જખમી થએલાંને તથા પોતાના ઓળખીતાઓને મદદ કરે. જે લોકો ભાંગેલા ડબ્બામાં પડેલા હતા તેમને એક એક કરીને બહાર કહાડવા લાગ્યા, ને તેમની જરા સારવાર થવા લાગી. અહમદ અને બન્નુ જે લોકોને ઘણું વાગ્યું નહોતું તેમની ભેળાં હતાં. ઘણા મુસાફરો મરી ગયા હતા. આગગાડીને જોખમ થવાનું કારણ એ હતું કે, ગાડી બદલાવવાનો સંચો ફેરવવાનું એ કામ કરનાર માણસ ભુલી ગયો હતો. ગાડી બરાબર સપાટાભેર આવતી હતી, માટે એકાએક પાટા પરથી ઉતરી પાસેની ખાઇમાં પડી ગઇ હતી. મરેલી લાસો ઘણીજ સંભાળથી કાઢી એક જગ્યાએ એકઠી કરી, એ માટે કે સરકારી અમલદાર આવી તપાસી નક્કી આંકડો કરે, ને પંચકાશ કરી દાટવા અગર બાળવાનો હુકમ કરે ત્યાં સુધી પડી રહે.

સવાર સુધી લોકો એજ કામમાં રહ્યા. અહમદે અને બન્નુએ ઘણી તપાસ કરી પણ ફકીરને જોગોજ નહિ, ત્યારે એમની મદદ કોણ કરે? પછી મરેલામાં અહમદ તપાસ કરતો કરતો શોધવા લાગ્યો તો જે લાશો પડી હતી તેમની ભેળી ફકીરની પણ લાસ પડેલી હતી તે તેણે જોઇ. એ વખતે જો કે છુટાપણાને લીધે અહમદના મનમાં જરા આનંદ તો થયો; તો પણ પોતે એકલો છે તે યાદ આવવાથી મોટી બૂમ પાડી રડવા લાગ્યો. બન્નુ પણ ભાઇને વળગી પડી રોવા લાગી. અરે અમે શું કરીશું, ક્યાં જઇશું, કોણ લઇ જશે? બિચારાં ગભરાયાં.

થોડી વારમાં કેટલાક રેલ્વેના અંગ્રેજી અમલદારો, કમિશ્નર સાહેબ, અંગ્રેજી સિપાઇઓ, પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ તથા કેટલાક સિપાઇઓ એક આગગાડીમાં બેસી આવી પહોંચ્યા. બધી લાશોને જોઇ તપાસી નક્કી કરી રહ્યા પછી જે લોકો બચેલા હતા તેમને જોવા લાગ્યા, ને જોતાં જોતાં બન્નુ તથા અહમદની પાસે આવી પહોંચ્યા, ને આ છોકરાંને પુછ્યું કે, તમે કોણ છો? ક્યાંથી આવો છો? ક્યાં જવાનાં છો? અહમદે પહેલેથી માંડીને ગુન્હાપુર ગામથી નિકળ્યાં તે કહી બતાવ્યું. પછી લાહોરથી પેલા ફકીરની સાથે કેવી આશાથી નિકળ્યાં તે પણ કહી દેખાડયું, કે ઉપદેશકની પાસે ફરી ગુન્હાપુર જવાની આશાએ આવ્યાં. મહે. ડીપોટી કમિશ્નર સાહેબે બન્નુની અને અહમદની વાત બરાબર ધ્યાન પૂર્વક સાંભળી, તેથી ખાતરી થઇ કે, એ બાબતમાં જરૂર કાંઇક ગરબડ ને છેતરપિંડી, દગાબાજી થએલી છે; પણ મહે. સાહેબને બરાબર સમજ પડી નહિ કે શા કારણથી એમ થયું હશે. ફકીર મરણ પામ્યો હતો, માટે વાત બરાબર સમજાઇ નહિ. એ સંબંધી લાહોરના અધિકારીને તપાસ કરવાનો હુકમ મોકલી દીધો. અહમદ ને બન્નુને શું કરવું તે સંબંધી વિચાર કરવો પડયો. કોની સાથે મોકલવાં અને કોની પાસે? પણ તે

વિષે મનમાં જૂદા જૂદા વિચારો મહે. સાહેબને થવા લાગ્યા. સાહેબે એ સંબંધી છોકરાંને પુછ્યું, એ માટે કે જોઇએ એ છોકરાં શું કહે છે. છોકરાંએ જવાબ આપ્યો કે અમને અમારી માની પાસે અથવા ઉપદેશકની પાસે મોકલી દો. અમે બન્ને જગ્યાએ જવાને માટે ખુશી છીએ. એમાંથી આપને જ્યાં ઠીક લાગે ત્યાં અમને મોકલો. છેલ્લે એવો ઠરાવ થયો કે આ છોકરાં સંબંધી જેનબને અને પાદરી સાહેબ બન્નેને ખબર આપવી. હમણાં કોઇની પાસે એમને મોકલવાં નહિ, પણ મહે. ડીપોટી કમિશ્નર સાહેબની દેખરેખ તળે રાખવાં ને બરાબર સંભાળ રાખવી.

મહે. સાહેબ ફાજલપુરની ગાડીમાં બેસી ચાલતા થયા, અને આ બન્ને છોકરાંને પણ સાથે લેતા ગયા. સ્ટેશન પર મહે. સાહેબનાં માનવંત મડમ સાહેબ મહે. સાહેબને લેવા સારૂ ગાડી પર આવ્યાં હતાં, તેમને સાહેબે છોકરાંની હકીકત કહી સંભળાવી. તેથી દયાળુ મડમ સાહેબે મહે. સાહેબને કહ્યું કે, જ્યાં સુધી એમના કોઇ સગાનો પત્તો મળે નહિ ત્યાં સુધી એ બિચારાં છોકરાંને હું મારી પાસે રાખીશ ["દયાળુઓને ધન્ય છે, કેમકે તેઓ દયા પામશે. ગરીબ પર દયા રાખનાર યહોવાહને ઉછીનું આપે છે, ને તે તેને તેના સુકૃત્યનો બદલો આપશે. કેમકે દેવ અન્યાયી નથી, કે તે તમારાં કામ તથા પ્રીતિને વિસરે"]. માનવંત મડમ સાહેબે બન્નુની પાસેથી બધી વાત સાંભળી, અને જ્યારે તેમને માલમ પડયું કે, એ તો ખ્રીસ્તી છે, ત્યારે તેમનાથી અહમદ તથા બન્નુની બધી હકીકત સમજાઇ ગઇ. તેમના પર પડેલાં દુઃખોનું વર્ણન સાંભળી માનવંત મડમ સાહેબે દયાળુ અંત:કરણમાં નક્કી ઠરાવ કર્યો કે, હું એમને કદી એમના શત્રુઓના હાથમાં સોંપવાની નથી. બધી વાત મડમ સાહેબે સાહેબને જણાવી. સાહેબે પોલીસને બોલાવી હુકમ કર્યો કે, જ્યાં સુધી આ છોકરાં સંબંધી પૂરી તપાસ થાય ત્યાં સુધી એમને બરાબર સંભાળો, અને સાચવો.

આજ રાત્રે અહમદ તથા બન્નુને ઘણા સરસ બિછાના પર સુવાંનું મળ્યું ; શાંતિથી સુઇ રહ્યાં. મહે. કર્નલ બ્રાઉન સાહેબ, ડીપોટી કમિશ્નર, જીલ્લે ફ્રાજલપુર, આ બાબતની તપાસ કરવામાં ઘણાજ આતુર હતા. સાહેબ આશ્ચર્ય થઇ ગયા કે, બન્નુ તથા અહમદ તેમના શત્રુઓના હાથથી કેવી અજાયબ રીતે છુટકો પામ્યાં ! પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબની સલાહથી ઠરાવ થયો કે, ઉપદેશક સાહેબને તથા જેનબને સમન્સ કાઢી આ કોરટમાં હાજર થવા હુકમ કરવો જોઇએ. તેઓ હાજર થાય, તેમની તપાસ કરતાં આ છોકરાંને ઠગાઇથી લઇ જનાર કોણ હશે તે હાથમાં આવશે. એટલુંજ નહિ પણ એ બાબતની તપાસ કરવા સારૂં ગુન્હાપુર તથા લાહોરની પોલીસને તાર કરવામાં આવ્યા.

૧૦ મો અધ્યાય.

હાજી મુરાદઅલી સવારની નમાજ કરી ઘેર આવ્યા, તે વખતે જેનબ તેમને મળી. હાજી સાહેબની મુખમુદ્રા ગભરાએલી, ઉતરી ગએલી ને ફિકરમંદ હતી. વાત કરતી વખતે તેઓ જેનબની સામું પણ જોઇ શક્યા નહિ. નીચી ગરદન કરીને સાંભળ્યું, જેનબે બહુજ ગરીબાઇથી દુઃખિત અવાજે આજીજી કરીને કહ્યું કે, હું આપની આગળ હાથ જોડી વિનંતી કરૂંછું કે, મારા પર દયા કરીને પ્રભુને લીધે આપ મહેરબાની કરી કોઇ પણ રીતે મને મારાં છોકરાંને મંગાવી આપો. હાજી મુરાદઅલી નક્કી કરેલા તરકટ પ્રમાણે જવાબ દેવા લાગ્યા કે, હું એમની શોધમાં ને ફિકરમાંજ છું. શોધી કાઢીશું, કાંઇ હરકત નથી. પરંતુ હાજી સાહેબને તેનું અંતઃકરણ મારતું હતું ને કહેતું હતું કે, મંગાવ્યાં હોય તો સારૂં, કારણ કે તેમને પણ છોકરાં હતાં. છોકરાંના પ્રેમ વિષે તેમને પણ અનુભવ થયો હતો, એટલુંજ નહિ પણ આ બે છોકરાં ઘણી લાયક રીતે ચાલતાં, હુકમ માનતાં, સાચું બોલતાં, ને આજ્ઞાધીન હતાં; તે કારણથી કાકીનું પણ તેમના ઉપર હેત હતું. એ તેના મનમાં ફરતું હતું, એ કારણથી તે ગંભીરપણે જવાબ આપે છે કે, જેનબ જરૂર જ્યાં સુધી બનશે ત્યાં સુધી બરાબર તપાસ કરાવી શોધી કઢીવીશ. ઘણા લોકો જૂઠી રીતે એ છોકરાંની તપાસ કરતા હતા, ને ખોળતા હતા. ઠરાવ પ્રમાણે લોકો શોધતા એટલુંજ નહિ પણ કેટલાક તો જાણનારા, બિચારા માના દુઃખને જોઇને ખંતથી શોધ કરતા હતા. લઇ જનાર ફકીર એવી સાવચેતીથી બહુજ ચોકસાઇ રાખી લઇ ગયો હતો કે, કોઇની નજરે પણ પડવા પામ્યાં નહોતાં. માટે કેટલાક ખરેખર ખોવાઇ ગએલાં સમજી શોધતા હતા.

બીજે દિવસે બપોર પછી એક સરકારી પોલીસ અમલદાર હાજી મુરાદઅલીનું ઘર શોધતો શોધતો તેમના ઘર આગળ આવી પહોંચ્યો. અને ખબર આપી કે જે ગાડીમાં અહમદ અને બન્નુ ફકીરની સાથે બેઠાં હતાં તે ગાડી કોઇ કારણથી ગબડી પડી અને ફકીર માર્યો ગયો પણ ખુદાની કૃપાથી બન્ને છોકરાં બચી ગયાં છે. આ વાત સાંભળતાંજ હાજી સાહેબના હોશ ઉડી ગયા ને પોતાના મનમાં કહેવા લાગ્યા કે, હશે! પ્રભુએ અજાયબ રીતે પોતાનો અદલ ઇન્સાફ જાહેર કર્યો છે. એટલામાં સિપાઇએ જેનબના નામનું વારંટ દેખાડયું ને કહ્યું કે, જેનબ એકદમ ફાજલપૂરની કોરટમાં હાજર થાય ને પોતાનાં છોકરાંને ઓળખી તેમને દિલાસો આપે ને છોકરાંને શાંતિ વળે. એ સાંભળી હાજી સાહેબનાં સાંધા ગગડી ગયા.

પોલીસ અમલદારને ખુરશી આપી સરબત પીવાડી હુક્કો ભરી અપાવ્યો. અને પોતે આ દુઃખી તથા ભયંકર સમાચાર જેનબને સંભળાવવા ઝનાની મકાનમાં ગયા. બધાં જેનબ તરફ દોડયાં, કે છોકરાં જડયાં છે એવી ખુશ ખબર તેને આપે ને તેમને છેતરીને લઇ જનાર રેલ ગાડી એકાએક પડી જવાથી તેની તળે દબાઇને મરી ગયો. એ ચમત્કારિક રીતે લઇ જનાર શત્રુના હાથથી બચી ગયાં છે. આ આનંદની ખબર સાંભળી અજાણ સ્ત્રીઓ રાજી રાજી થઇ ગઇ; ને જેનબે હાજી સાહેબની સ્ત્રીનો મોટો ઉપકાર માની તેમને આશીર્વાદ આપવા લાગી.

હવે જેનબને ફરજ પડી કે, સરકારનો હુકમ માની ફાજલપૂરની કચેરીમાં હાજર થાય. હાજી મુરાદઅલીએ વિચાર કર્યો કે હું પણ જેનબની સાથે જાઉં, કેમકે કોણ જાણે મારા કરેલા બધા પ્રપંચ કચેરીમાં જાહેર કરી દે. કેમકે છેતરપિંડી કરીને મેંજ તેમને ગુન્હાપૂરથી બોલાવ્યાં હતાં; માટે સાથે જવું એજ સલામતી ભરેલો માર્ગ છે. જેનબની સાથે પોતે તૈયાર થયા. જેનબ પોતાનાં ખોવાએલાં

બાળકો જડવાની ખબર સાંભળી ઘણીજ ખુશી થઇ હતી. તેની પ્રાર્થના સાંભળનાર દેવનો મોટો તેણે ઉપકાર માન્યો, કેમકે તેણે કૃપા કરી તેની પ્રાર્થનાનો જવાબ આપ્યો. જેનબ એટલા બધા આનંદમાં ગરકાવ થઇ ગઇ હતી કે, તે પોતાપર થએલા ગજબ તથા જુલમને એકદમ વિસરી ગઇ ને પોતાની સાથે હાજી સાહેબને લઇ જવા કબૂલ કર્યું. હવે તેને આખી દુનિયા જાણે કે સલાહ શાંતિની છે એમ દેખાતું હતું. તેને આંબા તથા નારંગીનાં ઝાડો જાણે કે વધારે લીલાં ને સારાં લાગતાં! ગુલાબ અને ચંબેલી વધારે રૂપાળાં દેખાત હતાં! વનનાં પક્ષીઓની વાણી તેને મનોરંજક લાગતી. કારણ કે તેનું મન દેવ પરના પ્રેમથી તર થઇ ગયું હતું! તેને સર્વ નવું નવુંજ લાગતું હતું.

જેમ જલદી થાય તેમ ઉતાવળ કરી નિકળવા તૈયાર થયાં. પોલીસ અમલદાર તેમની વરસાદની પેઠે રાહ જોતો હતો. એટલામાં રૂપાળા સફેદ બળદ ને ઘુંઘરમાળના અવાજ સાથે એક સગ્રામ આવી દરવાજામાં હાજર થઇ. તેમાં જેનબ બુરખો ઓઢી પોતાના દીયર સાથે સગ્રામમાં સવાર થયાં. સ્ટેશને આવી ટીકીટ લઇ આગગાડીમાં બેસી ગયાં. તેમની સાથે ફાજલપૂરના હાકેમના હુકમ પ્રમાણે પોલીસના વડા-સાહેબે બે અમલદારોને સાથે મોકલ્યા. તે અમલદારોએ પોતાના મિત્ર હાજી મુરાદઅલીને સારૂ મીઠાઇ અને ઘણી સરસ તમાકુ સાથે લીધી હતી.

રેલ ગાડીમાં બેઠા પછી હાજી સાહેબ પોતાના વિચાર જેનબને જણાવવા લાગ્યા કે, સંભાળો, તમે બધી વાત કોરટમાં કહી દેશો તો આપણા ખાનદાનની આબરૂ જશે. માટે કશી બીજી ત્રીજી વાત બોલશોજ નહિ, જે થયું તે થઇ ગયું; હવે જવા દેજો, નહિ તો આબરૂના કાંકરા થઇ જશે. લોકોમાં મોઢું દેખાડવા વારો રહેશે નહિ. ખાનદાનની આબરૂ સાચવજો. જેનબના મનમાં વિચાર આવતો કે મને

ઘણુંએ દુઃખ દેવામાં આવ્યું છે, વિતાડવામાં કાંઇ બાકી રાખ્યું નથી. અને હવે બદલો વાળવાનો સમય આવી પહોંચ્યો છે. જેનબને પુરી ખબર હતી કે, મારાં સગાંવ્હાલાં જે ધર્મ હું છોડવા ચાહું છું તેના પુરા બંધનમાં છે; ને તેમને એ ધર્મપર ઘણીજ આસ્થા છે. આ વખતે જેનબને પોતાનું મન ખોલીને વાત કરવાનો ખરેખરો મોંખો મળ્યો. પહેલાં ધર્મ સંબંધી કહેવાનું તેના મનમાં ઘણી વાર આવતું પણ બિચારી શી રીતે કહી શકે? આજે સારો વખત મળ્યો માટે વાત કરવા લાગી. હાજી સાહેબના મુખ પર એક તરેહની ઉદાસી તથા ગભરાટ નજરે આવતો હતો. જેનબે પોતાનું મન પ્રાર્થનાએ કરીને પ્રભુ ભણી ફેરવ્યું; કેમકે શું કહેવું તે વિષે તે બરાબર સમજતી નહોતી. પણ પ્રાર્થના કરવાથી તેણે દેવળમાં જે વાત કબૂલ કરી હતી તે તેને યાદ આવી. તેની હિંમત વધી ગઇ ને વાત કરવાની શક્તિ મળી. તેણે હાજી સાહેબ તરફ જોઇને જવાબ દીધો કે, હાજી મુરાદઅલી સાહેબ, આપને ખબર તો હશે કે, આપનો ભાઇ અબ્દુલા કેવા નેકનામ ધર્મના આસ્થિક ચુસ્ત મહમદી હતા. હું કમતરીન તેમનો હુકમ માથે ચઢાવનાર વફાદાર સ્ત્રી હતી. અમે બન્ને જણ પાંચ વારની નમાજનાં પુરાં પાબંધ હતાં. દરવરસ રમજાનના પુરા રોજા રાખતાં. અને અમારી ટુંક ઉપજમાંથી પણ ધર્મ પ્રમાણે જકાત અદા કરતાં ને બીજાં ધર્મના કામોમાં આપવા તથા ભાગ લેવા ખંતીલાં હતાં. માત્ર અમારી ગરીબાઇના કારણે અમારાથી હજ કરાઇ નહોતી. અમે એવાં પુરાં ધર્મનાં આસ્થિક હતાં તો પણ અમારા આત્માને આત્મિક શાંતિ મળી નહિ. અમે તેનાથી છેક છેટેજ હતાં. આત્મિક શાંતિ ઘણીજ જરૂર તથા અગત્યની છે. તે વિષે આપ પણ ના કહી શકશો નહિ. જ્યારે આપના ભાઇ આ નાશવંત જગતમાંથી નીકળી જવાની અણી પર આવ્યા ત્યારે આત્મિક શાંતિને માટે પ્રભુ દેવ આગળ બહુજ

આસ્થાથીને એકાગ્રહ ચિતે પ્રાર્થના કરવા લાગ્યા. મેં તેમને કહ્યું કે, તમે પોતાને દેવને સોંપી દો. તેમણે મને જવાબ આપ્યો કે, મેં ખરેખર પોતાને દેવને સોંપી દીધો છે. પણ મને મારાં પાપની માફીની ખાતરી થવી જોઇએ કે મને માફી મળી છે કે નહિ. જો પરમેશ્વર ન્યાયી છે, ને તેના કાયદા સાચા છે, તો હું મારાં પાપની સજા પામ્યા વિના રહીજ ના શકું. મને શિક્ષા મળવી જોઇએ. મને એમ લાગે છે કે પ્રભુ પોતાના ન્યાયીપણા પ્રમાણે મારાં પાપ માફ નથી કરી શકતો. એવી તમારા ભાઇની હાલત હતી, એવા વખતમાં મુલ્લા સાહેબ પધાર્યા ને કુરાને શરીફ તમારા ભાઇની આગળ વાંચવા લાગ્યા. પણ તે તમારો ભાઇ એજ બુમ પાડવા લાગ્યો કે, અરે મારાં પાપ, હાય મારાં પાપ, હું એ પાપની શિક્ષાથી કેમ કરીને બચાવ પામી શકીશ? મરણ પહેલાંના આગલા દિવસે તેમની એવી હાલત રહી. છેલ્લે એક ખ્રીસ્તી માણસ એમના મંદવાડની ખબર સાંભળીને ખબર જોવા સારૂ આવ્યાં. અને તે દવાખાનેથી દવા પણ લેતા આવ્યા હતા. તે માણસે તમારા ભાઇ સાથે દુઃખી થઇને કાંઇક કહ્યું. તે સાંભળીને તમારા ભાઇ જે બુમો પાડતા ને પોતાનાં પાપને માટે કહેતા તે સાંભળીને એકદમ છાના થઇ ગયા; ને પછી બહુજ ખુશી થઇ ગયા. તેમને શાંતિ વળી. પછી જાણે કે મરણની વાટ જોતા હોય એવી રીતે આરામમાં પડયા રહ્યા. તે વખતે હું તદન સમજી ના હતી કે શા કારણથી એમનાં ગભરાટ ટળી ગયો, ને એવડી મોટી શાંતિ મળી ને આરામમાં સુઇ ગયા. એ વાત તે વખતે હું સમજતી નહોતી પણ હમણા મારા અનુભવથી હું સમજું છું ને એ વાત મેં પોતે સાંભળી કે તે મેહેરબાન ખ્રીસ્તીએ મારા ગભરાટમાં પડેલા સ્વામી નાથને જે કહ્યું તેનાથીજ તેમને એટલી મોટી શાંતિ મળી હતી. હાજી સાહેબ મને માફ કરજો. બહુજ ધ્યાનથી વિચાર પૂર્વક સાંભળો કે, સર્વ શક્તિમાન ન્યાયી પ્રભુએ

આપણુ પાપીઓ પર કેવી કૃપા કરી છે. અને કેમ કરીને ન્યાયના માગતાથી (પાપની શિક્ષાથી) છોડાવી વેગળાં રાખ્યાં છે. પ્રભુએ પોતાના એકાકીજનીત પુત્ર પ્રભુ ઇસુ ખ્રીસ્તને આ જગતમાં મોકલી દીધો. તેણે પાપીઓને માટે પોતાનો પ્રાણ આપ્યો. તેના મરણે અમારાં પાપનો બદલો ભરી આપ્યો છે. તે અમારે વાસ્તે મરાયો, ને અમને છુટાં કર્યાં. તે દટાયો ને ત્રીજે દિવસે પાછો જીવનો થઇને ઉઠયો. જે કોઇ તેના પર વિશ્વાસ કરે છે તેનાં પાપ જાય છે ને તે પાપથી છુટકો પામે છે. એ સુવાર્તાની ખુશખબર છે, એજ વાતથી તમારા ભાઇ મારા સ્વામીનાથને છેલ્લી ઘડીએ મોટી શાંતિ વળી હતી. એજ સુવાર્તા આવા કઠણ વખતમાં મારી ને મારાં છોકરાંની મદદ કરે છે. અને શાંતિ ઇશ્વર પિતા તરફથી મળે છે. અમારા પર આ મહા સંકટ આવી પડયું છે, તો પણ પ્રભુ શાંતિ તથા દિલાસો આપનાર છે. હું આપના બધા ઠરાંવો ને વિચારો બરાબર સમજાુ છું, આપ આપના વિચાર તથા જ્ઞાન પ્રમાણે મને નાશ પામવાના આડા રસ્તેથી બચાવવા ચાહો છો. પરંતુ મારા દીલોજાન ભાઇ, ખોટું ના લગાડશો, હું આપને પુછું છું કે, જૂઠું બોલવાથી, દગો ફટકો કરી છેતરવાથી કોઇ દીવસે પણ ધર્મની વૃદ્ધિ થતી હશે? એક ગરીબ રાંડીરાંડને તથા બિચારાં નબાપાં છોકરાંને દુઃખ દેવાથી કદી સારો ફાયદો મળે? તમારૂં એ કૃત્ય ઇન્સાફી પવિત્ર પરમેશ્વરને સારૂં લાગે? આપ સાહેબની માગણી પ્રમાણે હું એટલુંજ કહું છું કે, એ બધું મેં આપને માફ કર્યું છે. હવે બદલો લેવાનો પ્રયત્ન નહિ કરૂં. કોઇ સગા પર કે પડોશી પર પણ કોઇ રીતે વેર વાળવાનું કરીશ નહિ, પણ એટલું તો યાદ રાખજો કે, ગમે તે પરીણામ આવે પણ મારાથી જૂઠું તો બોલાશે નહિ. ખરી વાત છે કે, ફાજલપુરની કચેરીમાં શું પુછશે તેની મને કશી ખબર નથી. પણ હું જરૂર વિચાર કરીશ કે, આપ કોઇ તરેહની ગરબડમાં ના ફસાઓ.

જ્યારે જેનબ ઉપરની વાતો કહેતી હતી ત્યારે, હાજી સાહેબ એક પુતળાની પેઠે બેઠા બેઠા એકી ટશે જોઇ રહી સાંભળતા હતા, ને તેમનું મન તેમને ખાતરી કરી આપતું હતું કે, જેનબ સાચી આસ્થાથી એક ઘણીજ અગત્યની તથા જરૂરની વાત બોલે છે. આજ પહેલાં તેણે સ્ત્રીઓમાં આવી વાત કરવાની શક્તિ કદી પણ જોઇ નહોતી, માટે તે મનમાં કહેતા હતા કે, આ સ્ત્રીમાં આવી અકલ ને યાદ શક્તિ કેમ કરીને આવી. આખરે હાજી સાહેબ બોલ્યા કે, જેનબ, તમારી એ કહેલી વાતને લીધે તમારો ખરેખરો ઉપકાર માનું છું. તમે તમારી બૂદ્ધિથી અને આસ્થાથી મને અજાયબ કરી નાખ્યો છે. હું જોઉં છું કે તમે એક નવા પક્ષને ખેંચી રહ્યાં છો, ને તેમાં મચેલાં છો. હું તમને બીજું કશું કહેતો નથી પણ તમારી નેકી ને ન્યાયીપણાની આબરૂનું માન રાખું છું. બન્નુનું આજ્ઞાધિનપણું, તેની ધિરજ ને તેના પ્રેમે મારા પર ઘણીજ અસર કરી છે. અને હવે મારા મનમાં આવે છે કે, સુવાતાંની શિખામણ સંબંધી હું વધારે ધ્યાન દઇશ ને તપાસ કરીશ.

હવે સ્ટેશન આવી પહોંચ્યું, રેલ ગાડી ઉભી રહી. તેથી હાજી સાહેબ ને જેનબ સમજી ગયાં કે, ફાજલપુરનું સ્ટેશન આવી ગયું. જેનબ ગાડીમાંથી ઉતરી કે તરતજ અહમદે અને બન્નુએ ઝુકીને નમન સાથે સલામ કરી દોડી માને વળગી પડયાં. પછી તે છોકરાંને સંભાળી રાખનાર, મહે. બ્રાઉન સાહેબ તથા તેમનાં માનવંત મડમ સાહેબ આવી તેમને મળ્યાં. આ વિયોગીઓની મુલાકાત થતાં સર્વની આંખમાંથી આંસુની ધારા વ્હેવા લાગી. માથી, તથા છોકરાંથી એકદમ બોલાયું નહિ. એવામાં હાજી મુરાદ અલી મહે. સાહેબની કરડી નજર પોતા તરફ જોઇને સમજી ગયા ને ગભરાવા લાગ્યા, ને તેના હાથ પગ ધ્રુજવા લાગ્યા.

૧૧ મો અધ્યાય.

આગગાડીનો અકસ્માત થયા પછી, બીજે દીવસે પાદરી સાહેબ પર ગુન્હાપુરમાં, મહે. બ્રાઉન સાહેબનો ફાજલ-પુરથી તાર આવ્યો, તેથી અચંબો પામ્યા. તાર એવો હતો કે, "આપ મહેરબાની કરી આ કચેરીમાં આવો, કારણ કે અહમદ અને બન્નુની પુરી તપાસ કરવામાં આવે." આ તાર સાંભળીને ઉપદેશકની સ્ત્રી તથા મરીયમ બહુજ ખુશી થયાં. મરીયમે આનંદને કારણે બાપની પાસે માગણી કરી કે, બાપા, મહેરબાની કરીને મને પણ સાથે લેતા જાઓ. પાદરી સાહેબ કહે છે કે, ના, બેટા. ઘણું કરીને મારી ખાતરી છે કે, એમને હું સાથે લેતો આવીશ, ને પછી તે આપણી સાથેજ રહેશે. એ સાંભળીને મરીયમને શાંતિ વળી, ધિરજ આવી ને મનમાં તે કહેવા લાગી કે, ક્યારે મારા બાપા જઇને પાછા આવશે? વ્હેલા આવે તો સારૂં, એવી વાટ જોવા લાગી.

પાદરી સાહેબ બે ત્રણ દિવસની મુસાફરીનો સામાન તૈયાર કરી, દવાખાનામાં જઇને દવા આપી અને પોતાની ગેર હાજરીમાં શી દવા આપવી તે દેખાડી દીધી. એવામાં એક મોટું કવર લઇને પોલીસ સવારમાં આવ્યો. તે કવર ઉપર ફાજલપુરની કચેરીની છાપ હતી. કવર ઉઘાડયું તો અંદરથી સમન્સ નીકળ્યો. તેમાં લખેલું હતું કે, અહમદ અને બન્નુ બે કાચી ઉમરનાં છોકરાં છે તેમને એક ફકીર ઠગાઇ કરી નસાડી જતો હતો. તે ફાજલપુરના અધિકારીને હાથ આવી ગયાં છે, રેલગાડી અચાનક પડી જવાથી ફકીર મરણ પામ્યો છે. છોકરાને કહાડી આપવામાં બીજા લોકો મદદ-ગાર હશે તેમનો પત્તો લાગ્યો નથી. એ કામને માટે આપને બોલાવેલા છે. એ હુકમ સરકારી રીત પ્રમાણે અધિકારીના

કહેવાથી તાર કર્યા પછી કાઢવામાં આવ્યો હતો. સવાર સમન્સની રસીત લઇ ચાલ્યો ગયો. આ વખતે ઘણા માણુસો દવાખાનામાં આવેલા પાદરી સાહેબની નજરે પડ્યા, તેમની અંદર મોલવી સાહેબ તથા હાજી ખેરૂઉદીન સાહેબ પણ જોવામાં આવ્યા. તેમની નજર એક થતાંજ પાદરી સાહેબ પાસે આવી નમન કરી વિનંતી કરી કે, મેહેરબાની કરી થોડી વાર સુધી અમારે આપ સાહેબ સાથે ખાનગી મુલાકાત કરવી છે. તે કબુલ કરશો? એ બન્ને જણુની એકાંત મળવાની માગણી સાંભળી પાદરી સાહેબને અજાયબ લાગ્યું. બધા દર્દીઓને દવા આપી, જોઇ તપસી રહ્યા પછી એ બન્ને જણુને બોલાવ્યા. જ્યારે એ લોકો ઓરડામાં આવ્યા ત્યારે બેસવાનો ઇસારો કરી દરવાજો બંધ કર્યો. થોડી વાર સુધી ખતખબર પુછી, પછી પાદરી સાહેબે કહ્યું કે મારી સાથે એકાંત મળવાનું શું કારણુ છે તે કહો. બન્ને જણો એક બે મિનીટ સુધી સામસામું જોઇ રહ્યા; પછી મોલવી સાહેબ બોલ્યા કે, અમારા સાંભળવામાં આવ્યું કે, જેનબ પોતાનાં છોકરાંને લઇને છાનીમાની કોઇ જગ્યાએ નાશી ગઇ હતી તેનો શોધ હમણાં લાગ્યો છે, ને હાથમાં આવ્યાં છે. એને ફાજલપુરની કચેરીમાં આપ સાહેબને ઓળખાવવા અને તે સંબંધી તપાસ કરવા સારૂં બોલાવેલા છે. એટલે ગુન્હાપુરમાં કેવી રીતે એ નીકળ્યાં અને શું થયું તે બધી વાત આપ સાહેબને પુછશે. અમે આપ સાહેબને જાહેર કરવા ચાહીએ છીએ કે, આપ જાણો છો કે, અમે જેનબ પર કેટલી બધી મેહેરબાની રાખતા હતા. હાજી ખેરૂઉદીન સાહેબે તેની તંગ સ્થિતિમાં કેટલી બધી મદદ કરી, તે આપ જાણોછો. અમને આપ સાહેબનો ભરોસો છે કે, એ મામલામાં અમારા પર કાંઇ શક આવી પડે તો આપ કૃપા કરી અમને બચાવશો. આપ મોટા અમારા માનવંત અધિકારી છો. આપનો એકજ શબ્દ અમારા બંધનનું તથા છુટકારાનું કારણુ થઇ પડશે.

એમનું કહેવું પાદરી સાહેબ બહુજ ધિરજથી શાંતપણે પોતાનો ગુસ્સો કબજે રાખીને સાંભળતા હતા કારણ કે તેમને ખાત્રી હતી કે, બીચારી જેનબને તથા તેનાં નબાપાં છોકરાંને જેમણે પોતાના ગામથી ઠગાઇ કરી કહાડી મુકયાં તેજ આ બે જણ છે. હવે પોતાને નિર્દોષ દેખાડે છે. ને તે બિચારી નિરાધાર પર ઉપકાર કરવાની ફુલાશ મારે છે. તે બિચારી પર એમણે ઘણોજ જુલમ ને નિર્દયપણું દેખાડયું છે. ટુંકામાં પાદરી સાહેબે પોતાનો ગુસ્સો દબાવી પ્રભુ પાસે પ્રાર્થના કરી મદદ માગી અને તેમને જવાબ આપ્યો કે, મુલ્લા સાહેબ, આપે જે વર્ણન કર્યું તેથી હું ઘણોજ અચંબો પામ્યો છું; ખરેખર આપે મને અચંબીત કરી નાંખ્યો છે. મને બરાબર ખબર છે કે મીઆં અબ્દુલ્લાની સ્ત્રી જ્યાં સુધી મહમદી દિન પર કાયમ રહી, ત્યાં સુધી તમે તેના પર ઘણીક મેહેરબાની રાખી. હું જાણું છું કે, હાજી ખેરૂદ્દીન સાહેબે ઘણી વખતે તેને મદદ કરી, એટલુંજ નહિ પણ તેના નીકાહનો (નાતરાનો) બંદોબસ્ત કરવા પણ તૈયાર હતા. એ માટે કે તેનાં છોકરાં હેરાન થાય નહી પણ સારી રીતે સુખમાં દિવસ કહાડી મોટાં થાય. મને બરાબર ખબર છે કે જયારે તેણીએ મહમદી દીન છોડી દીધો ને ખ્રીસ્તી દીન કબૂલ કર્યો તે વખતે આપના શિવાય બીજા કોઇના મનમાં આવ્યું નહિ હોય કે, જેનબને ગમે તેમ કરીને પાછી મહમદી દીનમાં લાવવી, એ વાતના મારી પાસે ઘણાજ મજબૂત પુરાવા છે. જે દિવસે જેનબે ગુન્હાપુર મુકયું તે દિવસે આપ બન્ને જણ સ્ટેશન સુધી ગયા ને હાજી ખેરૂદ્દીનનાં બેનબનેવી જેનબની સાથે હતાં. હવે જો તેના કહાડનાર આગેવાન પર અર્જી કરવામાં આવે તો આપ પણ એમાંજ ગણાઓ, એમાં કાંઇ શક નથી. પાદરી સાહેબે તેમની ઠગાઇ તથા પ્રપંચ તેમને જાહેર કર્યાં, એટલે બન્ને જણનાં મોઢાં છેક ઉતરી જઇ ભોંઠાં પડ્યાં. હાથ પગ ધ્રુજવા લાગ્યા. પછી પાદરી

સાહેબને પગે પડી આજીજી ને કાલાવાલા કરવા મંડ્યા. "અમે આપ સાહેબના તાબેદાર છીએ. આપ કૃપા કરી અમારી સ્ત્રીઓ ને છોકરાં પર રહેમ કરો. અમને અંગ્રેજી હાકેમના તાબામાં જવા ના દેશો; કારણ કે એથી અમારી આબરૂ જશે, એટલુંજ નહિ પણ અમારૂં ખાનદાન નીંદાશે."

ઉપદેશક સાહેબને એવા ગુનેહગાર પર દયા ન હતી, કારણ કે સપડાય ત્યારે આજીજી કરે એ પાદરી સાહેબને ગમતું નહોતું. એવી આજીજીને તે બહુજ ધિક્કારતા હતા.

નમે નમેકી રીત હૈય; ઓહત નમે નાદાન;
ઇતા તો જાદા નમે, ચીતા, ચોર, કમાન.

એમના કરગરી પડવાથી ને કાલાવાલા કરવાથી પાદરી સાહેબ એટલું તો સમજ્યા કે મને જોઇને કાલે આ અભિમાની મહમદી જમીન પર થુંકતા, તે આજે મારા પગ પાસે પડી વિનંતી કરે છે. પાદરી સાહેબે દેવનો ઉપકાર માની સભ્યતાથી તે બન્ને જણને કહ્યું કે, ભાઇ, ઉભા થાઓ. મારી સામું જુઓ એટલે કે આપને મારો વિચાર જણાવીશ. ભાઇ, તમે જેનબ ને તેનાં છોકરાં સાથે ઘણીજ નિર્દય રીતે વર્ત્યા છો. તે વાંક એટલો બધો મોટો છે કે, હું હજી સુધી તેને બરાબર સમજ્યો નથી. તમે માત્ર તેમનીજ સાથે એવી ક્રુર રીતે વર્ત્યા એટલુંજ નહિ, પણ અમ ખ્રીસ્તી લોકો જેને તમે જેનબના મિત્રો સમજ્યા તેમની પણ આબરૂ રાખી નથી. ને જો તમ લોકોનું ચાલ્યું હોત તો મને પણ આ કસ્બામાંથી કાઢી મુકવામાં તજવિજ તથા મહેનત કરવામાં કાચું રાખત નહિ. પણ હવે તમને તમારાં પાપે પકડી પાડ્યા છે માટે તમે મારી પાસે આવ્યા છો. ખેર! જ્યાં સુધી મારાથી બનશે ત્યાં સુધી હું તમારી ઢાલ થઇશ, (બનતો ઉપાય કરીશ). કેમકે અમે ખ્રીસ્તી લોકો છીએ ને અમારા તરફથી કોઇને કશું દુઃખ થાય તેમાં અમે બિલકુલ રાજી નથી. કોઇને દુઃખ દેવા અમે ચાહતાજ નથી. અમારા તારનાર પ્રભુ ઇસુ

ખ્રીસ્તની નમ્રતા તથા તેની સહન કરવાની શક્તિમાંથી થોડોક ભાગ મને પણ મળેલો છે. હું ફાજલપૂર જઇને શું કરીશ તે વિષે હમણાં મારાથી બરાબર કશું કહી ન શકાય. પણ જો તમે હમણાં મને એક વચન આપો તો ખરેખર હું તમારે માટે કાંઇક પ્રયત્ન કરૂં ખરો. એ સાંભળી મોલવી સાહેબ એકદમ બોલી ઉઠયા કે, બહુ સારૂં, આપ શું કરાવવા ચાહો છો? પાદરી સાહેબ કહે છે કે, જેનબના ઘરમાંથી જે સરસામાન લઇ ગયા છો (ઘર લુંટી લીધું છે), તે જરેજર બધો પાછો આપો. અને કસ્બાના વજનદાર માણસોની શાહેદી સાથે એક ખત લખી આપો કે, અમે જેનબને અને તેનાં છોકરાંને કદી સતાવીશું નહિ, કે કાંઇ પણ દુઃખ દઇશું નહિ. એ વાત એ માણસોએ કબુલ કરી અને ઇજતદાર માણસોને બોલાવી લાવ્યા ને કાગળ લખી તેમાં સહી કરી આપી. કાગળ પાદરી સાહેબના હાથમાં આપ્યો. પછી મોલવી સાહેબ તથા હાજી ખેરૂદ્દીન સાહેબ પાદરી સાહેબની રજા લઇને પોતાને ઘેર ગયા ને જેનબના ઘરબારની તજવિજ કરી સરસામાનનો બંદોબસ્ત કરી ઘરને હતું તે કરતાં પણ સાફસુફ કરી સામાન ગોઠવી દીધો.

અધ્યાય ૧૨ મો.

બીજે દિવસે પાદરી સાહેબ રેલગાડીમાં બેસવા સ્ટેશન પર ગયા. ત્યાં હાજી ખેરૂદીનનો નોકર તેમને મળ્યો. તેણે સલામ કરી પાદરી સાહેબને ખબર આપી કે, જેનબના ઘરનો સરસામાન વાસણકુસણ ને ઘર બધું સાફસુફ કરી તૈયાર કરેલું છે. માત્ર જેનબ એકલાંનીજ ખોટ છે. એ સાંભળીને પાદરી સાહેબે પ્રભુનો ઉપકાર માન્યો અને કહ્યું કે, પ્રભુના નામની સ્તુતિ સદા સર્વકાળ સુધી હો. તેણે જેનબને અને તેનાં છોકરાંને બધી હરકતોમાં અને સંકટોમાં સંભાર્યાં. પહેલાં પાદરી સાહેબને ઘણી વાર વિચાર આવતા કે, કદાચ જેનબે તારનારનો નકાર કર્યો હોય. પણ હવે તે પોતાના મનમાં દેવની મેહેરબાની તથા ઉપકારો જે તે પોતાના સેવકો પર કરે છે તે યાદ કરીને યહોવાહનો ઉપકાર માનવા લાગ્યા.

ઘણું કરીને આખી રાત એવા એવા વિચાર પાદરી સાહેબના મનમાં ગોટાયા કર્યા. ને સવારમાં ફાજલપુરના સ્ટેશને ગાડી આવી લાગી. ઉતરીને મહેરબાન બ્રાઉન સાહેબને બંગલે તે ગયા. થોડી વાર પછી જેનબ, એહમદ, બન્નુ પોતાના જુના મિત્ર તથા પાળક સાહેબને સલામ કરી મુલાકાત કરવા હાજર થયાં. જે બીના બની હતી તે સર્વે હકીકત પહેલેથી તે છેલ્લે સુધી વિગતવાર કહી સંભળાવી. છેલ્લે બધાંએ એક અંતઃકરણથી દેવનો મોટો ઉપકાર માન્યો.

જમીને નવરાં થયા પછી જેનબે પોતાના દીયર હાજી મુરાદઅલીની પાદરી સાહેબ સાથે મુલાકાત કરાવી. પાદરી સાહેબને જોઇને હાજી સાહેબ હકબક થઇ ગયા ને બહુજ ગભરાટમાં ભય સહિત વાતચીત કરી.

જેનબે પાદરી સાહેબને કહ્યું કે, મને ઘણીજ ચિંતા તથા ફિકર થાય છે; કારણ કે મારાં સગાં વહાલાંને તેમની કરેલી મૂર્ખાઇને લીધે શિક્ષા ના થાય તો સારૂં. મેં પોતે તો તેમના બધા વાંક માફ કરી દીધા છે, માટે મને આશા છે કે, ન્યાય મંદિર પણ તેમને માફ કરશે. એ વાત સાંભળી પાદરી સાહેબ આનંદીત થયા ને કહ્યું કે શાબાશ, જેનબ, શાબાશ, ધન્ય છે તમને કે તમારી ઘણી ધિરજ તથા હિંમતને લીધે તમારાં વખાણ કરૂં છું. હું પણ તમારાં સગાંને કાંઇ નુકશાન ના પહોંચે એવા પ્રયંત્ન કરીશ.

પાદરી સાહેબના મનમાં આવ્યું કે આજે હાજી મુરાદઅલી સાથે વાત કરવાનો સારો લાગ મળ્યો છે. તેથી તેમણે એકદમ તેમના મરહુમ ભાઇ અબ્દુલાની વાત કહાડી. તમારા ભાઇને મંદવાડ વખતે હું જોવા ગયો હતો. તેમની સાથે ઘણી વાત પણ થઇ હતી. તે ઘણા ગભરાટમાં હતા પણ પછીથી તેમને બહુજ આનંદ થયો તેનું કારણ એ હતું કે, મેં તેમને જણાવ્યું કે, પાપનો બદલો ભરી આપી તારણ આપનાર છે. એટલે પ્રભુ ઇસુ ખ્રીસ્ત પાપીઓને બચાવવા આવ્યો છે. જે તેના પર વિશ્વાસ કરે છે તેનાં પાપ જાય છે, માફી મળે છે, પાપથી છુટકારો થાય છે, પાપની સજા જતી રહે છે. એ સાંભળીને તરત તેમણે તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર પોતાનો વિશ્વાસ જાહેર કર્યો, ને કબુલ કર્યું કે ઇસુ ખ્રીસ્ત મારો તારનાર છે, ને પાપની માફી પામી લીધી તે કારણથી તેઓ મરણ વખતે ઘણા આનંદી જણાતા હતા. હાજી સાહેબ, યાદ રાખજો; આપ લોકોને શિખાડવામાં આવે છે કે, ઇન્સાફને દીવસે હાજી મહમદ સાહેબ તમારે માટે સીફારસ કરી તમારાં પાપ માફ કરાવશે. જેમ બીજા ભવિષ્યવાદીઓ મરણ પામ્યા તેમજ તે પણ મરણાધિન થયા, કબરસ્તાનમાં બીજા લોકોની સાથે દટાયા. એમનાથી આપ લોકને પાપની માફી અપાવાની નથી. તે બચાવી શકતા નથી, ને આ જીવનમાં

તમને તેનાથી શાંતિ વળવાની નથી. મારા સમજવા પ્રમાણે આપને એક જીવતા બચાવનારની ને પાપની માફી આપી શાંતિના બક્ષનારની ખાસ જરૂર છે. તે હાલમાંજ આપને બચાવી શકે છે. જો આપ પાપની માફી પામ્યા વિના મરો તો ખચીત ક્યામતને દિવસે તમારાં પાપમાંજ ઉઠશો. તે વખતે કોઇ પણ ભવિષ્યવાદી પાપની માફી અપાવવા શક્તિવાન નથી. જુઓ, હમણાંજ માન્યકાળ છે. જુઓ, હમણાંજ તારણનો દિવસ છે. પરમેશ્વરે એક જીવતો બચાવનાર મોકલ્યો છે. તે પ્રભુ ઇસુ ખ્રીસ્ત છે. તે અમારા પાપનો બદલો ભરી આપવા વધસ્તંભ પર મરાયો, દટાયો ને ત્રીજે દિવસે જીવતો થઇને ઉઠયો. ૪૦ દિવસ સુધી પોતાના ચેલાઓને તથા ૫૦૦ કરતાં વધારે ભાઇઓને દેખાયો, ને પછી ઘણાના દેખતાં જીવતો આકાશમાં ચઢી ગયો છે. તે સદા જીવતો છે. તે તેના પર વિશ્વાસ કરનારાઓને માટે બાપ આગળ વકાલાત કરે છે, ને તે પાપની માફી આપે છે. તેના નામ પર આપ વિશ્વાસ કરી પાપની માફી પામી શકો છો. તેને નામે પ્રાર્થના કરો. એથીજ તમને શાંતિ વળશે. જ્યારે મેં આપના ભાઇ અબ્દુલ્લાને એ વાતો કહી, ત્યારે તે તેમણે તરત માની લીધી ને પાણીની પેઠે ગળે ઉતારી ગયા, ને મારો હાથ પકડીને મને કહ્યું, હવે બસ, એનેજ માટે મારો આત્મા ગભરાતો હતો, હવે શાંતિ વળી. પછી તેમના હોઠ હાલતા મેં જોયા (એટલે તે પ્રાર્થના કરતા હતા). પ્રાર્થના થઇ રહ્યા પછી એકાએક તેમની મુખમુદ્રા આનંદિત દેખાવા લાગી. પછી હું ચાલ્યો ગયો, ને ફરી બીજે દિવસે આવ્યો ત્યારે તો તે આ સંસાર મુકી નીકળી ગએલા હતા. મેં તેમનું શબ જોયું ત્યારે પણ તેમનું મુખ આનંદિત જણાતું હતું. એથી મને ઘણોજ આનંદ થયો. મારા વ્હાલા ભાઇ, એજ સુવાર્તાનો જેનબે અને તેનાં છોકરાંએ અંગિકાર કર્યો છે. આ જીંદગીનો એકલો એજ ખરો રસ્તો છે, જે આપની આગળ મેં પ્રગટ

કર્યા છે. હાજી મુરાદઅલીએ એ સંબંધી ઘણા પ્રશ્નોત્તર કર્યા તેના પાદરી સાહેબે બરાબર જવાબ આપ્યા. જતી વખતે હાજી સાહેબે કહ્યું કે, હું પણ એ સંબંધી જરૂર વિચાર કરીશ ને તપાસીશ.

આ વાત થઇ રહ્યા પછી પાદરી સાહેબ કચેરીમાં ગયા. ને મેહે. બ્રાઉન સાહેબની કોરટમાં જેનબનું તથા છોકરાંનું ખ્રીસ્ત તરફ ફરવું, ગુન્હાપુરમાંથી ઠગાઇ કરીને તેમને કહાડવાં, વગેરે પહેલેથી છેલ્લે સુધી વીગતવાર કહી દેખાડયું. ને સાથે એ પણ કહી દીધું કે, જે મહમદી ખ્રીસ્તી થાય તેને તેનાં સગાં તરફથી બહુજ દુઃખ પડે છે. પછી પાદરી સાહેબે જણાવ્યું કે, આ બાબતમાં જે લોકોએ હરકત પહોંચાડી છે, તેમને જો સજા કરવામાં આવે તો ખ્રીસ્તની સુવાર્તાને ઘણો અટકાવ પડશે. પછી મહે. બ્રાઉન સાહેબે આ બીચારી રાંડીરાંડને તથા નબાપાં છોકરાંને જે હરકત પોંચાડનાર તેમને શિક્ષા થવી જોઇએ એનું વર્ણન કરી દેખાડયું ને સાબીત કર્યું કે, તેઓ સજા પામવા લાયકજ છે. પછી બોલ્યા કે એમને બચવાનો માત્ર એકજ રસ્તો છે. એટલે જેનબ તેમને માફ કરવા ચાહે તોજ બની શકે, નહિ તો બીજો કોઇ ઉપાયજ નથી. પાદરી સાહેબે મોલવી સાહેબ તથા હાજી ખેરઉદ્દીનનો લખી આપેલો કાગળ દેખાડયો, ને કહ્યું કે જેનબનો બધો સરસામાન પાછો આપવાનો મારી સાથે કોલકરાર કર્યો છે.. મહે. બ્રાઉન સાહેબે એ બધી વાતો સાંભળીને પાદરી સાહેબ તથા જેનબની મરજી પ્રમાણે તે લોકોને માફી આપી, મુકરદમો માંડી વાળ્યો.

હાજી મુરાદઅલીએ પણ જતી વખતે જેનબને કહ્યું કે, હું ઘેર જઇને એકદમ તમારો જે કાંઇ સરસામાન મારે ઘેર છે તે મોકલી દઇશ. જતી વેળાએ પાદરી સાહેબે હાજી મુરાદ-અલીને એક બાયબલ આપ્યું, મુરાદઅલીએ બહુજ ખુશીથી તે લીધું ને વચન આપ્યું કે, એને ધ્યાન પૂર્વક વાંચીશ ને જે

નહિ સમજાય તે હું આપના પર લખતો રહીશ. પાદરી સાહેબ બહુજ આનંદી થયા. જેમ કોઇ ભરવાડને ખોવાએલું ઘેટું મળે છે ને તેને આનંદ થાય• છે, તેમજ એમને પણ પોતાનાં ખોવાએલાં મળ્યાં તેથી મહાઆનંદી હતા. મેહે. બ્રાઉન સાહેબની રજા લઇને જેનબ અને તેનાં છોકરાં ગુન્હાપુરની વાટે વળ્યાં.

ગાડી ગુન્હાપુર સ્ટેશને આવી, જેનબ અને તેનાં છોકરાં ઉતર્યાં, ત્યારે સ્ટેશન પર ઘણા લોકો તેમણે દીઠા, કેમકે ઘણા મહમદી, હિન્દુ અને ખ્રીસ્તી લોકો તેમને જોવાને માટે આવ્યા હતા. પાદરી સાહેબનાં મડમસાહેબ તથા મરિયમ એકદમ આવીને જેનબ તથા તેનાં છોકરાંને મળ્યાં. પાદરી સાહેબને પણ કસ્બાના ઘણા મિત્રો મળ્યા; પણ તેમાં વિશેષ મોલવી સાહેબ તથા હાજી ખેરૂદીન સાહેબ બહુજ અદબથી ને ગંભીરપણે આવીને મળ્યા, ને સાથે ચાલવા લાગ્યા. પાદરી સાહેબે બહુજ ધિરજથી હિંમત રાખીને કસ્બાના લોકોની નિંદા તથા અપમાન સહન કર્યું હતું, તે બધા માણુસોના મનમાં હતું. જેનબ તથા તેનાં છોકરાં પર પણ જે જુલમ ગુજારવામાં આવ્યો હતો તે વિષે પણ આવેલા લોકોમાંનો ઘણો ભાગ જાણુતો હતો. જાણુનારા લોકોના મનમાં જુલમ કરનારાં પર રીસ ચઢતી હતી. જે લોકોનું ખ્રીસ્તી ધર્મ તરફ મન ન હતું, જેઓ અણુગમો રાખતા હતા, તેમને પણ આ જેનબ તથા છોકરાંની વાત પર ક્રોધ આવતો ને તેમનાં મન બળી ઉઠતાં ને કહેતાં કે, કેવો જુલમ કર્યો. ઘણા લોકો ખ્રીસ્તીઓની ધિરજ અને આ કામમાં આપેલી મારી પર વિચાર કરવા લાગ્યા. જેઓ દવાખાનામાં ઉપદેશ સાંભળતા તેમનાં મન તો વિંધાઇ ગયાં. જે લોકો આ કામથી માહેતગાર થતા તેઓ પણ ખ્રીસ્તીઓનાં વખાણુ કરતા ને કહેતા કે, ખ્રીસ્તી લોક કેવા સારા ને ભલા લોકો છે. જે તેમને દુઃખ દે છે અને નીંદા ને અપમાન જરા પણ યાદ કરતા નથી.

ઘણાં વખાણ પામવા લાયક લોકો છે, એવી વાતોની ચર્ચા ગલીકુચીઓમાં, ચોરે ચકલે, ગોળેપોળે ચાલવા લાગી.

સ્ટેશન પરથી લોકોની સાથે ધીમે ધીમે પાદરી સાહેબ ને સર્વે ઘેર આવ્યાં. બધાની સાથે મળી આનંદની વાતો કરી. હવે જેનબ તથા તેનાં છોકરાં. પાદરી સાહેબ, તેમની સ્ત્રી ને નાની મરિયમ, હાજી ખેરૂદીન સાહેબ અને ઘરડા મોલવી સાહેબ ગાડીઓમાં બેસી જેનબના ઘરભણી હંકારી ઘેર આવીને અંદર જઇ જુએ છે તો બધો સરસામાન બરાબર જ્યાં હતો ત્યાં સાફસુફ કરીને મુકેલો નજરે પડયો. હાજી ખેરૂદીને ખાવાનો બંદોબસ્ત કર્યો હતો. પાદરી સાહેબની સ્ત્રીની રજા લઇને તેમણે ખાવાને માટે સેતરંજી પાથરી ખાવાનાં વાનાં લાવી મુકી દીધાં. છેટાનાં થાક્યાં પાક્યાં આવેલાં, તથા મળવાને માટે જે ખ્રીસ્તી આવ્યા હતા, તે સર્વે જણે બરાબર સંતોષથી ખાધું. જમણ પરથી પરવારી રહ્યા પછી પાદરી સાહેબે હાજી ખેરૂદીન તથા મોલવી સાહેબને કુશળતા કર્યા (હાથ મેળવ્યા) ને ઘણાજ પ્રેમથી મિત્રતા જાહેર કરીને તેમને તેમને ઘેર જવા માટે રજા આપી.

બધા ખ્રીસ્તી લોકોએ પોતપોતાને ઘેર જવા પહેલાં જેનબના ઘરમાં પ્રાર્થના કરી દેવ બાપનો મોટો ઉપકાર માન્યો, કેમકે તેણે ફરી પોતાના સેવકોને ચમત્કારિક રીતે બચાવી એકઠા કર્યા. પ્રભુના નામને ધન્ય હો. પાદરી સાહેબે જેનબને કહ્યું કે આપ જે કામ કરતાં હતાં તે ફરી શરૂ કરો. અહમદ અને બન્નુ નિશાળે જાય. જ્યારે મરિયમે સાંભળ્યું કે બન્નુ પાછી ભણવા આવશે ત્યારે તે ઘણીજ ખુશી થઇ, ને બોલી કે, હવે બહુજ સારૂં થયું. બધા ખુશીથી હળીમળીને પોતપોતાને ઘેર ગયાં.

બીજે દિવસે પાદરી સાહેબ દવાખાનાના કામમાં તથા ઉપદેશ કરવામાં ગુંથાયા. જેનબ પણ પોતાના કામમાં, જે તેને પહેલાં સોંપવામાં આવ્યું હતું, તે કામ કરવા લાગી.

જેનબનાં સગાંસ્નેહીઓમાં ખ્રીસ્તી ધર્મ વિષે જે અજ્ઞાનપણું તથા નકામી વાતો ચાલતી હતી તે જેનબે ખ્રીસ્તી ધર્મ કબૂલ કરી લોકોમાંથી કાઢી નાખી. તેણે પ્રગટ કર્યું કે, દેવનો એકાકીજનીત પુત્ર ઇસુ ખ્રીસ્ત પાપીઓને પાપની માફી આપનાર. તે સંબંધી શાહેદી આપીને તેનાં આશ્ચર્યકારક કામો વર્ણવી તેમને સમજાવવાનો સારો લાગ મળ્યો, ને તેણે ખંતથી ખ્રીસ્તને પ્રગટ કર્યો.

આ વાત બન્યાને આશરે ત્રણેક માસ થયા પછી જેનબના દીયર મુરાદઅલી સાહેબ જેનબને ઘેર પધાર્યા. તેમને જોઇને જેનબને ઘણીજ નવાઇ લાગી. હમણાં હાજી સાહેબની મુખમુદ્રા પહેલાંના કરતાં ઘણીજ ખુશી, આનંદિત લાગતી હતી. જેનબ હેતથી ઘણા લટકા સાથે તેમને મળી. ઘરની ખતખબર પુછી રહ્યા બાદ તેમને આવી રીતે ઓચિંતા એકાએક આવવાનું કારણ શું હશે તે પુછવા માંડયું. હાજી મુરાદઅલી સાહેબે બહુજ ઉલટથી જવાબ આપ્યો કે, ભાભીજી, મને પણ પવિત્ર પુસ્તક (બાયબલ) વાંચવાથી સત્યમાં દોરનાર પવિત્ર પ્રકાશ મળ્યો છે, ને હવે હું પણ પ્રભુ ઇસુ ખ્રીસ્તના મેળવેલા ન્યાયીપણા પર વિશ્વાસ કરૂં છું, ને વળી તે એકલોજ મારૂં તારણ કરવા સારૂ સમર્થ છે. મને બરાબર ખાત્રી થઇ છે કે ગુન્હેગાર માણસ અને ન્યાયી પ્રભુ વચ્ચે તેજ એકલો વચ્ચેવાળો છે. એજ પાપમાં પડી ગએલા માણસને ઉભો કરી પાપની માફી આપી સ્વર્ગમાં પ્રભુ પાસે લઇ જઇ શકે છે. મારે ગુન્હાપુર એકાએક આવવાનું કારણ એ છે કે, મારો ખ્રીસ્ત પરનો વિશ્વાસ જાહેર કરીને તેનો પ્રગટ રીતે સ્વીકાર કરૂં.

સમાપ્ત.